بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

# પ્રસ્તાવના...

ઘણા જ અફસોસની વાત છે કે **નબી વલીની ગુસ્તાખી જ જેમના મઝહબનો પાયો છે તે વહાબી ફિર્કો જે અંગ્રેજ સાઝિશની ઉપજ** છે કે જેમણે આખા અરબસ્તાન પર ચાલતી **તુર્કી સુન્ની ઉષ્માનિયા હુકૂમત**ને તોડવા માટે વહાબી ફિર્કાને જન્મ આપ્યો. એવા આ ગુસ્તાખ ફિર્કાની મક્કા શરીફ તથા મદીના શરીફ જેવા પવિત્ર સ્થળોએ બળપૂર્વક જુલ્મી રીતે મેળવેલી રાજ્યસત્તા છે. અને આ ગુસ્તાખોની બેઅદબીઓ ગણત્રી બહારની છે જેને હાજી સાહેબાન તથા ઉમરામાં જનારા જોતા રહે છે.

મક્કા શરીફના હરમમાં હઝરત ઈબ્રાહીમ عليه الصلوٰة والتسليم ના કદમ મુબારક પાસે પગારદાર માણસો સતત બોલતા રહે છે કે એને ચૂમશો નહીં ! એમ કરવું શિર્ક છે ! વગેરે.... અને અમે જોયું કે જ્યાં હુઝૂરે પાક صلى الله عليه وسلم ની વિલાદત થઈ તે સ્થળે હિ.સ. ૧૪૨૩માં હજ્જના મોકા પર ઝિયારત માટે અમે પહોંચ્યા તો લગભગ સો ફૂટ દૂરથી ત્યાં ઉભેલો ભાડૂતી માણસ જેમ કોઈ ચોર આવે ને કેમ બૂમો પાડવામાં આવે તેમ અરબીમાં ચીસો પાડી પાડીને કહેવા લાગ્યો કે **અહીં ન આવો ! અહીં કાંઈ નથી ! અહીં દુઆ માંગવી શિર્ક છે !** વગેરે. એ ગાંડા જેમ ચીસો પાડતો રહ્યો તો અમે પણ પછી તો એને જલાવવા વધુને વધુ હાથોને ઉઠાવીને દુઆઓ કરતા રહ્યા,





બંધ દરવાજાને ચૂમતા રહ્યા. શું જે સ્થળે કાયનાતના સરદાર صلى الله عليه وسلم પેદા થયા તે બરકતવંત ન રહી ?! સફા મરવા પર સઈ કરવી ઈબાદત છે. કેમ ? એટલે કે ત્યાં એક નબીની બીવી અને નબીની માંએ દોડ લગાડી હતી. તો જ્યાં ખૂદ નબીઓના સરદાર صلى الله عليه وسلم પેદા થયા તે જગામાં કોઈ જ બરકત નથી ! અને એ શિર્કની વ્યાખ્યામાં ક્યા આધારે આવશે ?! પણ ગુસ્તાખોને દલીલ પૂછતાં જવાબ નથી મળતો. ''બસ ! હું કાંઈ ન જાણું ! આ શિર્ક છે !'' એટલો જ જવાબ આપે છે.

ઓહદનો મુબારક પહાડ કે હદીષમાં છે, ''હું ઓહદને ચાહુ છું ઓહદ મને ચાહે છે.'' જ્યાં જંગે ઓહદ થઈ હતી અને હઝરત હમ્ઝા તથા અન્ય શહીદોના મઝારો છે. જ્યાં બુલડોઝરોથી હાલ સપાટ જમીન કરી દેવામાં આવી છે. ત્યાં ઝિયારત માટે ગયા તો ભાડુતી પાકિસ્તાની મુલ્લાઓ કાગારોળ મચાવી રહ્યા હતા કે અહીં દુઆ માંગવી શિર્ક છે ! એઓ તો મરી ગયા, દુનિયામાંથી જતા રહ્યા, હવે એ કાંઈ કરી શક્તા નથી... વગેરે. તો હું બોલ્યો કે, યહાં ભી જલે हैं વહાં ભી જલેગેં ! તો એક પાકિસ્તાનીએ મને કહ્યું, કોન ?! તો મેં કહ્યું, ''નજદી !'' તો બોલ્યો, ''હટ ! તેરી કી !'' તમને ઝિયારતમાં લુત્ફ જ ન આવે એવી કાગારોળ આ વહાબી કૂતરાઓ ત્યાં મચાવે છે. જન્નતુલ બકીઅમાં પેસતાં ત્યાં પણ એવો બકવાસ ચાલુ કરી દે છે.

અરે ! ખૂદ રોઝાએ રસૂલ પર પહેરો ભરનારા જાળી મુબારક પાસે રોઝાની પીઠ કરીને ઉભા રહે છે અને મુબારક સુતૂનો પર પીઠ ટેકવી, પગ ટેકવીને ઉભા રહી ગુસ્તાખી કરતા રહે છે એ તો સર્વે જોયું છે. અંતમાં એ જ દુઆ કે જે હુઝૂર મુફતીએ આ'ઝમ

હઝરત મુસ્તફા રઝાખાં બરેલ્વી عليه الرحمة والرضوان એ કરી છે તે કરીએ કે :–

તેરે હબીબ કા પ્યારા ચમન કિયા બર્બાદ
ઈલાહી નિકલે યે નજદી બલા મદીને સે

બા અદબ બા નસીબ બેઅદબ બેનસીબ. આ વિષયે **મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી**ની રજૂ કરેલ પુસ્તિકા વાંચશો અને બાઅદબ બનવા કોશિશ કરશો.

## ★ ગૌષ કા પ્યારા બરેલ્વી ★

**અઝ : આકિબખાન બરકાતી પેટલાદી**

**બખ્શા હૈ હમ કો ગૌષને ઐસા બરેલ્વી**
**હમ સુન્નીયોં કા અબ હૈ અકીદા બરેલ્વી**

**દંદાં શિકન જવાબ અદૂ એ રસૂલ કો**
**દેને ઉઠા થા કૌન ? અકેલા બરેલ્વી**

**શેરે રઝા કો દેખા તો નજદી યૂં કેહ ઉઠે**
**અબ અપની ખૈરીય્યત નહીં આયા બરેલ્વી**

**મસ્લક કે એતેબાર સે મૈદાને હશ્રમેં**
**હમ કો પુકારા જાએ ખુદાયા બરેલ્વી**

**માને ન માને કોઈ મગર બાત સાફ હૈ**
**સુન્ની કો કેહ રહા હૈ ઝમાના બરેલ્વી**

**હમ સુન્ની જન્નતી કા શહેન્શાહ કૌન હૈ ?**
**અહમદ રઝા વો ગૌષ કા પ્યારા બરેલ્વી**

**બરકાતીય્યત કે ફૈઝ સે "આકિબ" હૂં માલામાલ**
**મુઝ કો ભી કેહ રહી હૈ યે દુન્યા બરેલ્વી**





## રહમત નહીં હૈ તો ફિર ઔર ક્યા હૈ ?

**અઝ : હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ કિછોછવી**
( عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ )

હમેં યાદ ફર્માકે દિન રાત રોના
યહ્ રહમત નહીં હૈ તો ફિર ઔર ક્યા હૈ
હમારે લિયે અપના ઘર ભર લૂટાના
મહબ્બત નહીં હૈ તો ફિર ઔર ક્યા હૈ

દુઆ બહરે ઉમ્મત કે "યા રબ્બિ હબ્લી"
સરે હશ્ર રટ ઉમ્મતી ઉમ્મતી કી
રહીમી નહીં તો ફિર ઔર ક્યા હૈ
શફાઅત નહીં હૈ તો ફિર ઔર ક્યા હૈ

નમાઝોંમેં હૈ અસ્સલામુ અલૈક
નબીકે લિએ લફ્ઝ હૈ અય્યુહન્ કા
સલામ વ નિદાએ નબી ગર ખુદાકી
ઈબાદત નહીં હૈ તો ફિર ઔર ક્યા હૈ

કિતાબે ઈલાહી કા મહફૂઝ રહના
શરીઅતકા તાહશ્ર મૌજૂદ રહના
જહાંમેં નબી કી ઝરૂરત ન રહના
નબુવ્વત નહીં હૈ તો ફિર ઔર ક્યા હૈ

ગુલામે ગુલામાને આલે નબી કા
યહાં બોલબાલા વહાં બોલબાલા
યહ **"સૈયદ"** અદાએ ગુલામી તુમ્હારી
સયાદત નહીં હૈ તો ફિર ઔર ક્યા હૈ

| | |
|---|---|
| ⊛ **આંખોથી જોયેલાં દ્રશ્યો** | ૦૩ |
| ★ કુર્આનને પગ મારતો બેઅદબ ! | ૦૩ |
| ★ કુર્આન બુટ પર મૂકી દીધું ! | ૦૪ |
| ★ કુર્આન તથા ચપ્પલ બેગમાં ભેગાં મૂક્યાં ! | ૦૪ |
| ★ કુર્આન પરથી બુટ ચપ્પલ લઈ જવા | ૦૫ |
| ★ કુર્આન સાથે કબાટમાં બુટ ચપ્પલ ! | ૦૫ |
| ★ કા'બાની દિવાલ પર બુટ ચપ્પલ ! | ૦૫ |
| ★ બુટ ચપ્પલ હાથમાં પકડી જાળી મુબારક પાસે ઉભા થાય છે ! | ૦૬ |
| ⊛ **અદબનું મહત્વ** | ૦૭ |
| ⊛ **અદબની સાબિતી** | ૦૮ |
| ⊛ **અદબ કરવાવાળા આવા હોય છે !** | ૦૯ |
| ★ પોતાના ગુપ્તાંગ પ્રતિ કદી ન જોયું ! | ૦૯ |
| ★ જમણો હાથ ગુપ્તાંગને કદી ન લગાડયો ! | ૧૦ |
| ★ નબીનું ઝિક્ર સાંભળતાં રંગ બદલાઈ જતો ! | ૧૦ |
| ★ કદી વુઝૂ વિના હદીષ ન કહી | ૧૦ |
| ★ હુઝૂરના ઝિક્રની અજબની અસર | ૧૧ |
| ★ ઉભા ઉભા હદીષે પાક સાંભળવું નાપસંદ ! | ૧૧ |
| ★ ઈમામ માલિક અને હદીષનો અદબ | ૧૧ |
| ★ વીંછીએ સોળ ડંખ માર્યા પણ.. | ૧૨ |
| ★ ચાલતાં ચાલતાં હદીષ પૂછવા પર નારાજ ! | ૧૩ |
| ★ એને જેલમાં કરી દો ! | ૧૩ |
| ★ ઉભા ઉભા હદીષ પૂછતાં ૨૦ કોરડા માર્યા ! | ૧૩ |
| ★ બિસ્તર પાક ! બાપ નાપાક ! | ૧૪ |
| ★ બાલ મુબારકની અદબનો પ્રસંગ | ૧૫ |
| ★ માથાના આગળના વાળ કદી ન કપાવ્યા ! | ૧૫ |
| ★ હુઝૂર ﷺ એ જેમાં ખાધુ તે પ્યાલાની અદબ ! | ૧૬ |
| ★ હુઝૂર ﷺ એ પાણી પીધેલ પ્યાલો આઠ લાખમાં લીધો ! | ૧૬ |




★ અનુક્રમણિકા ★


| | |
|---|---|
| ★ હુઝૂર ﷺ એ આપેલ ચાદર ૨૦ હજાર દિરહમમાં | ૧૬ |
| ★ લાકડીમાંથી તલ્વાર બની ગઈ ! | ૧૭ |
| ★ ખાટલી ચાર હજાર દિરહમમાં | ૧૭ |
| ★ હુઝૂરે પકડેલી કમાન વુઝૂ વિના કદી ન પકડી ! | ૧૮ |
| ★ મસ્જિદે નબવીનું બાંધકામ અને અદબનો લેહાઝ | ૧૮ |
| ★ પાછા ફરતાં કબ્રની પીઠ ન કરતા ! | ૧૯ |
| ⊛ **અદબ કરનારાઓને ઈનામો** | ૧૯ |
| ★ બાલ મુબારક સમગ્ર દૌલતથીય મહાન ! | ૧૯ |
| ★ વાળ મુબારકની અદબનો બદલો | ૨૧ |
| ★ સમયના ગૌષની બેઅદબીનો અંજામ | ૨૧ |
| ★ બુઝુર્ગના હાથ ચૂમવા પર બખ્શિશ થઈ ! | ૨૫ |
| ★ બુઝુર્ગોની સોહબતમાં બેસવાનું ફળ | ૨૬ |
| ★ બુઝુર્ગની અદબ કરવાથી કુકર્મીની બખ્શિશ | ૨૬ |
| ★ મુજદ્દિદ અલ્ફેષાનીનાં જૂતા મુબારકના અદબની બરકત | ૨૭ |
| ★ નામે મુહમ્મદની અદબની બરકત | ૩૦ |
| ★ ખુદાના નામની અદબથી વલીના દરજ્જે | ૩૦ |
| ★ અઝાનની અદબના કારણે બખ્શિશ ! | ૩૧ |
| ★ કુર્આનની અદબના કારણે સલ્તનતનું ઈનામ ! | ૩૨ |
| ⊛ **બેઅદબીનો વબાલ** | ૩૨ |
| ★ છ લાખ વર્ષની ઈબાદત બર્બાદ ! | ૩૨ |
| ★ બેઅદબીની સજા ! ગધેડા જેવું મોઢું ! | ૩૩ |
| ★ બેઅદબ કાચંડાને શું સજા મળી ?! | ૩૪ |
| ★ બેઅદબીની સજા આવનારી પેઢીમાં પણ ! | ૩૪ |
| ★ અબૂ હનીફા رضی اللہ عنہ નો બેઅદબ મુર્તદ થઈ ગયો ! | ૩૫ |
| ★ બેઅદબનું મોં કા'બાથી ફરી ગયું ! | ૩૬ |
| ★ વલીઓના બેઅદબને કલ્મો મોઢે ન ચડતો હતો | ૩૬ |
| ★ કા'બા તરફ થૂંકનાર પાછળ નમાઝ ન પઢો ! | ૩૮ |

بسم اللہ الرحمٰن الرحیم

نَحۡمَدُهٗ وَ نُصَلِّیۡ عَلٰی رَسُوۡلِهِ الۡکَرِیۡمِ

## આંખોથી જોયેલાં દ્રશ્યો

ફકીર અબૂ સઈદ મુહમ્મદ અમીન (લેખક)ને હરમૈન તય્યેબૈન એટલે મક્કા અને મદીના (શરીફૈન)ની ઘણી વાર હાજરી નસીબ થઈ. ત્યાંના અમુક હાલાત જે જોવા મળ્યા તે લખવામાં આવે છે.

### ★ કુર્આનને પગ મારતો બેઅદબ ! ★

એક દિવસ હું ઝોહરની નમાઝ પઢી હરમે મક્કા (મસ્જિદે હરામ)માં બેઠો હતો. એટલામાં એક માણસ આવ્યો તો બીજો માણસ જે પહેલેથી ત્યાં બેઠો હતો તે ઉભો થઈ ગયો અને આવનારનું સ્વાગત કર્યું. પછી એ બંનેવ બેસી ગયા અને કુર્આન શરીફનો દોર ચાલુ કરી દીધો. હવે મને ખબર પડી કે આ લોકો કુર્આનના હાફિઝ છે. પઢતાં પઢતાં ભૂલ થઈ, એકે કહ્યું, આમ છે ! બીજાએ કહ્યું, આમ છે ! તો એ હાફિઝોએ કુર્આન મજીદ ઉઠાવ્યું અને જોયું તો ભૂલો સુધરી ગઈ પણ તેમણે પોતાની સહૂલત (આસાની) માટે કુર્આન પાકને રિયાલ પર મૂકી પોતાની પાસે મૂકી દીધું અને ફરી પઢવાનું ચાલુ કરી દીધું. ત્યાં એક



માણસ જે કા'બા મુકર્રમહ્થી સામે પગ પહોળો કરી બેઠો હતો એ માણસ વારંવાર પોતાના પગનો અંગૂઠો કુર્આન શરીફની સાથે લગાડતો હતો. એટલે આમ તેમ કરતાં એનો પગ કુર્આન પાક સાથે લાગી જતો હતો. જો કે એ હાફિઝ સાહબ જોઈ રહ્યા હતા. જ્યારે બે ચાર વાર પેલા માણસે આવું કર્યુ તો મારાથી ન રહવાયું અને હાફેઝજીથી અરબીમાં પૂછયું, આ શું છે ?! એણે જવાબ આપ્યો :– هذا كتاب رب العالمين એટલે આ અલ્લાહ રબ્બુલ આલમીનની કિતાબ છે. તો મેં કહ્યું, જો ! આ શું કરી રહ્યો છે ?! વારંવાર એ પોતાનો પગ કુર્આન મજીદ સાથે લગાડી રહ્યો છે ! ત્યારે પેલા હાફિઝે પેલા કમબખ્તને ધમકાવ્યો તો તેણે પગ પાછો કરી લીધો. نعوذ بالله من ذالك

### ★ કુર્આન બુટ પર મૂકી દીધું ! ★

મસ્જિદે હરામમાં એક શખ્સ કુર્આન શરીફની તિલાવત કરતો હતો તેવામાં એ માણસને ઉંઘ આવી ગઈ તો તે બેઅદબે કુર્આન શરીફને પોતાના બુટ પર મૂકી દીધું અને સૂઈ ગયો ! જ્યારે કે કુર્આન અને બુટની વચ્ચે બીજી કોઈ વસ્તુ ન હતી. (معاذالله)

### ★ કુર્આન તથા ચપ્પલ બેગમાં ભેગાં મૂક્યાં ! ★

ઈ.સ. ૧૯૭૨ નો પ્રસંગ છે. હું અને મારો ભત્રીજો હાજી ગુલામ સરવર મસ્જિદે નબવી શરીફમાં મગરિબની નમાઝ પહેલાં કાલીન (સફ) પર બેઠા હતા કે અચાનક બે અરબી અમારા આગળ આવીને બેસી ગયા, એમાં એકના હાથમાં નાનું

બેગ હતું એને ખોલ્યું અને અંદર હાથ કરી હવાઈ ચપ્પલ કાઢયા અને સફ પર મૂકી દીધા. પહેલાં તો હું જોઈને ખુશ થયો કે આ કેટલો અદબવાળો છે ! પરંતુ જ્યારે બીજા વખતે બેગમાં હાથ નાખી નીચેથી કુર્આને પાક કાઢી તિલાવત ચાલુ કરી દીધી ! તો આ દશ્ય જોઈ મને ઘણુ દુઃખ થયું કે આ કેટલો બેઅદબ છે કે બેગમાં કુર્આન શરીફ પણ મૂક્યું છે અને કુર્આનની ઉપર પોતાના ચપ્પલો ! فالی اللہ المشتکی

### ★ કુર્આન પરથી બુટ ચપ્પલ લઈ જવા ★

સામાન્યતઃ આવું જોવા મળ્યા કરે છે કે કુર્આન કબાટમાં મૂકેલું છે અને ત્યાંના રહેવાસીઓ ચપ્પલ બુટ કુર્આન શરીફની ઉપરથી લઈ જાય છે.

### ★ કુર્આન સાથે કબાટમાં બુટ ચપ્પલ ! ★

એ પણ જોવા મળ્યું કે કુર્આનના કબાટના સાથે બુટ ચપ્પલ મૂકી દે છે અને જરાય વિચારતા નથી. એમને કહેવામાં આવે તો જવાબ આપે છે કે એમાં શું થયું ! છેવટે એ પણ લાકડી જ છે. સવાલ એ છે કે જો કોઈ વઝીર અથવા બાદશાહ બેઠો હોય અને કોઈ એની બાજુમાં બુટ ચપ્પલ મૂકી દે તો આ કાર્ય કોઈ કરી શકે ખરું ?! અગર નથી કરી શકતા તો કુર્આન શરીફ જેને પબ્લિકની બોલીમાં બે જહાંનો બાદશાહ કહેવામાં આવે છે, તો એના સાથે બુટ મૂકી દેવા કેમ બેઅદબી ન ગણાય ?!

### ★ કા'બાની દિવાલ પર બુટ ચપ્પલ ! ★

આપણા બુઝુર્ગોની તા'લીમની અસર છે કે ખાનાએ કા'બાની



તરફ પગ પહોળા કરી સૂવું બેઅદબી સમજવામાં આવે છે, જ્યારે કે અહીંયાથી હજારો કિલોમીટર દૂર ખાનાએ કા'બા છે. પરંતુ ત્યાં (મક્કામાં) બેઅદબી એટલે સુધી જોવા મળી કે હતીમે કા'બા જે ખાનાએ કા'બાની દીવાલ છે એના ઉપર બુટ મૂકે છે ! (العیاذ باللہ۔ العیاذ باللہ)

### ★ બુટ ચપ્પલ હાથમાં પકડી જાળી મુબારક પાસે ઉભા થાય છે ! ★

સરકારે મદીના ﷺ ના રોઝાએ મુબારકની ઝિયારત માટે આવનારાઓમાં અમુકને જોયા જેઓ બુટ ચપ્પલ હાથમાં લઈ જાલીના પાસે ઉભા થાય છે. અલ્લાહ عزوجل આવા બેઅદબ લોકોને અદબની તૌફીક અતા ફર્માવે.

આ બધા પ્રસંગો જોઈ મેં (લેખકે) આ રિસાલો લખ્યો છ જેથી કરીને મારા મુસલમાનભાઈ અદબ શીખી અલ્લાહ عزوجل ને રાજી કરી શકે.

અલ્લાહ તઆલા બધાને અદબની તૌફીક આપે અને આપણે બેઅદબી કરી નેકીઓને બરબાદ કરીને દોઝખના હક્કદાર ન બની જઈએ.

واللہ تعالےٰ الهادیٰ ونعم الوکیل ولا حول
ولا قوۃ الا باللہ العلی العظیم وصل اللہ تعالےٰ
علےٰ حبیبه سید الانبیاء والمرسلین وعلےٰ اله
واصحابه اجمعین۔

★ ★ ★ ★ ★

## અદબનું મહત્વ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نحمدك يا من ادب عباده المومنين
وقال تعالٰے لا ترفعوا اصواتكم فوق صوت
النبى ولا تجهروا له بالقول كجهر بعضكم
لبعضٍ ان تحبط اعمالكم وانتم لا تشعرون
وصلى اللّٰه تعالٰے على حبيبهٖ ورسوله خير
خلق اللّٰه وسيّد المرسلين وعلٰے اله
واصحابه اجمعين۔

અદબ દીન છે. અદબ રાહે મુબીનનો ચિરાગ છે, અદબ રબ્બુલ આલમીનની રઝા છે, અદબ છે તો દીન છે, અદબ નથી તો કશું જ નથી.

મખ્દૂમુલ ઔલિયા સૈયદ મુહમ્મદ બહાઉદ્દીન શાહ નકશબંદી બુખારી قدس سرهٗ એ ફર્માવ્યું :– الطريق كله ادب

**અર્થ** : ''અદબ પૂરે પૂરો દીન છે.''

સૈયદિના ઈમામે રબ્બાની મુજદ્દિદે અલ્ફેષાની عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવે છે :–الطريق كله ادب



**અર્થ** : ''અદબ સંપૂર્ણ રાહે હક્ક છે અને એ કહેવત મશહૂર છે કે કોઈ બેઅદબ અલ્લાહ તઆલા સુધી નથી પહોંચી શક્તો.''
*(હાલાતે મશાઈખે નક્શબંદ, પેજ–૧૯૦)*

અલ્લાહ તઆલા આપણને બધાને બાઅદબ રાખે અને બેઅદબીથી બચાવે, એ જ હામી અને નાસિર છે અને તે જ કામ બનાવનાર છે. عليه توكلت واليه انيب

## અદબની સાબિતી

જ્યારે સૈયદિના મૂસા કલીમુલ્લાહ عليه الصلوٰة والتسليم તૂર પહાડ પર જતી વખતે મુકદ્દસ વાદી (તુવા)માં પહોંચ્યા તો અલ્લાહ તઆલાએ ફર્માવ્યું :–

فاخلع نعليك انك بالواد المقدس طوًى۔

**અર્થ** : ''હે મારા કલીમ ! પોતાના બુટ ઉતારી કાઢો એટલા માટે કે આ વાદીએ મુકદ્દસ છે.'' અને જાહેર છે કે આ હુકમ વાદીના અદબ માટે આપવામાં આવ્યો હતો.

જલાલૈનના હાશિયામાં છે :–

طوًى اسم واد بالشام وامر بخلع
النعلين لان الحفوة ادخل التواضع
وحسن الادب ○ *(સૂરએ તાહા)*–

તુવા એ સીરિયા દેશમાં એક વાદીનું નામ છે અને અલ્લાહ તઆલાએ મૂસા عليه الصلوٰة والتسليم ને બુટ ઉતારવાનો હુકમ એટલા માટે આપ્યો કે બુટ ચપ્પલ પેહર્યા વિના ચાલવું તવાઝુઅ (આજીજી)માં દાખલ છે અને આ બહું સારો અદબ છે. અને

તફસીરે ઝિયાઉલ કુર્આનમાં છે : "આ તુવાની મુકદ્દસ વાદી છે, અદબ અને એહતેરામ ચાહે છે કે બુટ ચપ્પલ કાઢી નાખો."

કુર્આન મજીદમાં છે :–

یاایھاالذین آمنوالاترفعوا اصواتکم فوق صوت النبی ولا تجھروالہ بالقول کجھر بعضکم لبعض ان تحبط اعمالکم وانتم لا تشعرون۔

"હે ઈમાનવાળાઓ ! પોતાના અવાજોને મારા નબીના અવાજથી ઊંચો ન કરો અને જોરથી ન બોલો જેવી રીતે તમે એક બીજાને બુમો પાડીને બોલાવો છો, ક્યાંક તમારા આમાલ (અમલો) આ બેઅદબીના કારણે બરબાદ થઈ જાય અને તમને ખબર પણ ન થાય !" *(સૂરએ હુજરાત, પા. ૨૬)*

તફસીરે ઝિયાઉલ કુર્આનમાં છે :– "જો તમારાથી બુમો પાડવાની બેઅદબી થઈ જાય તો તેનો અંજામ એ થશે કે તમારા બધા આમાલ બરબાદ થઈ જશે."

કુર્આને પાકમાં છે :– وتعزروہ وتوقروہ "મારા હબીબની તા'ઝીમ અને તૌકીર કરો." (ﷺ)

## અદબ કરવાવાળા આવા હોય છે !

## ★ પોતાના ગુપ્તાંગ પ્રતિ કદી ન જોયું ! ★

હૈદરે કર્રાર હઝરત અલી શેરે ખુદા کرم اللہ تعالیٰ وجہہ الکریم એ પોતાના ગુપ્ત અંગો તરફ જોયું નથી કારણ કે આ આંખોથી જમાલે મુસ્તફા



ﷺ ની ઝિયારત (દીદાર) કરતા હતા.

ولم یقع نظر علی رضی اللہ تعالےٰ عنہٗ الیٰ عورتہٖ حذرامن ان یراھابالعین التی یرای بھا جمال رسول اللہ ﷺ ۝ –*(તફસીરે રૂહુલ બયાન)*

## ★ જમણો હાથ ગુપ્તાંગને કદી ન લગાડયો ! ★

હઝરત ઉષ્માન ઝુન્નૂરૈન رضی اللہ عنہ એ જ્યારે રહમતે કાયનાત સૈયદે દો આલમ ﷺ ના હાથ મુબારક પર બૈઅત કરી તો કોઈ પણ દિવસ જમણા હાથને ગુપ્તાંગ સાથે લગાડયો નથી. કારણ કે આ હાથ નબી ﷺ ના હાથ મુબારક સાથે સ્પર્શી ગયો છે. અને આ બધું અદબ માટે જ હતું.

## ★ નબીનું ઝિક્ર સાંભળતાં રંગ બદલાઈ જતો ! ★

હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ જ્યારે નબીએ અકરમ ﷺ નો ઝિક્રે પાક કરતા અથવા ઈમામ સાહબ પાસે ઝિક્ર કરવામાં આવતો તો આપનો રંગ બદલાઈ જતો ! અને આપ (ઈમામ) ઝુકી જતા. એક દિવસ કોઈએ પૂછયું, તમે આવું કેમ કરો છો ? ફર્માવ્યું :– لورایتم مارایت لماانکرتم જે હું જોઈ રહ્યો છું જો તમે જુઓ તો તમે કદી ઈન્કાર ન કરો. *(શિફા શરીફ)*

## ★ કદી વુઝૂ વિના હદીષ ન કહી ★

હઝરત ઈમામ જા'ફર સાદિક رضی اللہ عنہ ના પાસે જ્યારે હુઝૂર

પુરનૂર ﷺ નો ઝિક્ર મુબારક થતો તો આપનો રંગ પીળો થઈ જતો તથા ઈમામ જા'ફરે કદી પણ વુઝૂ વગર હદીષે પાક બયાન ન કરી. *(શિફા શરીફ)*

## ★ હુઝૂરના ઝિક્રની અજબની અસર ★

હઝરત અબ્દુર્રહમાન બિન કાસિમ رضی اللہ عنہ જ્યારે આપ ﷺ નો ઝિક્ર કરતા તો એવું લાગતું કે આપના બદનનું ખૂન નીચોડી લેવામાં આવ્યું છે. *(શિફા શરીફ)*

## ★ ઉભા ઉભા હદીષે પાક સાંભળવું નાપસંદ ! ★

હઝરત ઈમામ માલિક رحمۃ اللہ علیہ જ્યારે મોહદ્દિષ ઈબ્ને હાઝિમ رحمۃ اللہ علیہ ની ખિદમતમાં આવતા અને ઈબ્ને હાઝિમ હદીષે પાક બયાન ફર્માવી રહ્યા હોય તો જો બેસવાની જગ્યા ન હોય તો ઈમામ માલિક આગળ વધી જતા. પૂછવા પર જવાબ આપતા કે બેસવાની જગ્યા ન હતી અને હું ઉભો ઉભો હદીષે પાક સાંભળવું પસંદ નથી કરતો.

## ★ ઈમામ માલિક અને હદીષનો અદબ ★

હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ ની ખિદમતમાં જ્યારે પણ કોઈ આવતો તો આપ ખાદિમાને મોકલતા કે જાવ ! પૂછો કોઈ મસ્અલો પૂછવો છે અથવા હદીષે પાક સાંભળવી છે ? જો આવનાર કહેતો કે મસાઈલ પૂછવા છે તો આપ મકાનથી બાહર આવી મસાઈલ બતાવી આપતા. અને જો આવનાર કહેતો કે હું હદીષ સાંભળવા આવ્યો છું. તો આપ ગુસ્લ કરતા, ખુશ્બુ



લગાડતા, લિબાસ બદલતા, જુબ્બો પહેરતા, અમામા શરીફ બાંધતા પછી બહાર તશ્રીફ લાવતા અને આપના માટે તખ્ત લગાડવામાં આવતો. આપ તખ્ત પર બેસી હદીષે પાક બયાન કરતા. અને જ્યાં સુધી હદીષે પાક બયાન કરતા ત્યાં સુધી અગરબત્તી સળગતી. અને એ તખ્ત પર હદીષે પાક બયાન કરવા સિવાય ન બેસતા, જ્યારે આપથી સવાલ કરવામાં આવતો કે આપ આટલો બધો એહતેમામ (કાળજી) શું કામ કરો છો ? તો ફર્માવતા, આ બધું હદીષે પાકની તા'ઝીમ માટે છે. *(શિફા શરીફ)*

દુઆ છે કે અલ્લાહ તઆલા આવા નેક હઝરાત પર જેઓ આપણને અદબનો સબક શીખવાડી ગયા હજારો રહમતો નાઝિલ ફર્માવે અને એમની કબ્રોને જન્નતનો બાગ બનાવે. (આમીન)

## ★ વીંછીએ સોળ ડંખ માર્યા પણ... ★

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક رضی اللہ عنہ એ બયાન ફર્માવ્યું :–

એક દિવસ હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ હદીષે પાક પઢાવતા હતા, પાછળથી વીંછીએ ડંખ માર્યો જેનાથી આપનો રંગ બદલાયો પરંતુ હદીષે પાક પઢાવતા રહ્યા, એટલે સુધી કે વીંછીએ ૧૬ વખત આપને ડંખ માર્યા તો પણ આપ હદીષ શરીફ પઢાવતા રહ્યા અને જ્યારે ફારિગ થયા તો મેં અર્ઝ કરી, હુઝૂર ! જ્યારે તમે હદીષે પાક પઢાવતા હતા તો આપનો રંગ બદલાઈ ગયો હતો, એનું શું કારણ છે ?! તો ઈમામ માલિકે رضی اللہ عنہ જ્યારે હદીષ પઢાવતો હતો ત્યારે વીંછીએ ડંખ માર્યો પણ મેં અદબના કારણે ધ્યાન ન આપ્યું. વીંછી ડંખ મારતો રહ્યો તેણે સોળ ડંખ માર્યા અને જાતે જ પાછો ફરી ગયો અને હું હદીષ બયાન કરતો

રહ્યો. *(શિફા શરીફ)*

## ★ ચાલતાં ચાલતાં હદીષ પૂછવા પર નારાજ ! ★

હઝરત ઈબ્ને મેહદી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે એક દિવસ હું ઈમામ માલિક સાથે વાદીએ અકીકની તરફ જઈ રહ્યો હતો તો મેં ચાલતાં ચાલતાં એક હદીષે પાક પૂછી. તો આપે મને ધમકાવ્યો અને ફર્માવ્યું, હું તો તને બહુ બાઅદબ જાણતો હતો અને તેં ચાલતાં ચાલતાં હદીષે પાક પૂછી છે ! (આવું કદી ન થવું જોઈએ)

## ★ એને જેલમાં કરી દો ! ★

હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ ને કાઝી જરીરે ઉભા ઉભા હદીષે પાકના વિશે સવાલ કર્યો તો આપે ફર્માવ્યું, એને જેલમાં કરી દો ! અર્ઝ કરી, હુઝૂર ! આ તો કાઝી સાહબ છે ! આ સાંભળી ફર્માવ્યું, એટલા માટે તો જેલમાં કરવાનો હુકમ આપ્યો છે કે કાઝી થઈને એણે અદબ કેમ ન કર્યો ?! એણે ઉભા ઉભા હુઝૂર પુરનૂર صلی اللہ علیہ وسلم ની હદીષે પાકના વિશે કેમ સવાલ કર્યો ?! *(શિફા શરીફ)*

## ★ ઉભા ઉભા હદીષ પૂછતાં ૨૦ કોરડા માર્યા ! ★

હેશામ ઈબ્ને ગાઝીએ ઈમામ માલિક رضی اللہ عنہ ને ઉભા ઉભા હદીષે પાક પૂછી તો આપે હેશામને વીસ (૨૦) કોરડા માર્યા અને પછી એમના પર મહેરબાની ફર્માવીને ૨૦ હદીષે પાક



સંભળાવી. હદીષો સાંભળીને હેશામે કહ્યું કે, ઈમામ માલિક મને વધારે કોરડા મારતા અને વધારે હદીષો સંભળાવતા તો સારું થાત ! *(શિફા શરીફ)*

અલ્લાહ તઆલા હજારો રહમતો નાઝિલ ફર્માવે આવા નેક લોકોની કબ્રો પર જેઓ આપણને અદબનો રસ્તો બતાવી ગયા.

## ★ બિસ્તર પાક ! બાપ નાપાક ! ★

ઉમ્મુલ મુ'મિનીન ઉમ્મે હબીબા رضی اللہ عنہا મદીના મુનવ્વરામાં રહેતાં હતાં, એમના વાલિદ અબૂ સુફયાને જ્યારે ઈસ્લામ કબૂલ ન કર્યો હતો ત્યારે મક્કા શરીફથી મદીના શરીફ પહોંચ્યા અને જ્યારે તે પોતાની પુત્રી ઉમ્મે હબીબાની મુલાકાત માટે એમના ઘરે ગયા તો ત્યાં એક બિસ્તર પાંથરેલો હતો એના પર બેસવા લાગ્યા, તો તેમની પુત્રી ઉમ્મે હબીબાએ તે બિસ્તર ઉઠાવી લીધો. બાપને આશ્ચર્ય થયું કે બિસ્તર પાંથરેલો હતો તેને કેમ ઉઠાવી લીધો ?! થવું તો એવું જોઈએ કે મારા માટે સારામાં સારો બિસ્તર પાંથરવામાં આવતો ! બાપે આશ્ચર્યમાં ડૂબીને પૂછયું, બેટી ! તું એટલું બતાવ કે હું આ બિસ્તરના લાયક નથી કે આ બિસ્તર મારા લાયક નથી ?! પુત્રીએ જવાબ આપ્યો, હે બાપ ! આ બિસ્તર અલ્લાહ તઆલાના પ્યારા હબીબ صلی اللہ علیہ وسلم નો છે અને તમે મુશ્રિક છો એટલે હું તમને કેવી રીતે આ બિસ્તર પર બેસાડી શકું છું ?!

આપને આ સાંભળી તકલીફ થઈ પરંતુ ઉમ્મે હબીબા رضی اللہ عنہا એ આ તકલીફની કોઈ પરવા ન કરી અને અદબ તથા અઝમતે રસૂલ, તા'ઝીમે રસૂલ صلی اللہ علیہ وسلم ની પરવા કરી જે તેમના દિલમાં હતી. *(તબ્કાત બહવાલા હિકાયતે સહાબા)*

## ★ બાલ મુબારકની અદબનો પ્રસંગ ★

હઝરત ખાલિદ ઈબ્ને વલીદ સહાબીની رضی اللہ عنہ ટોપીમાં રહમતે કાયનાત સૈયદુલ આલમીન صلی اللہ علیہ وسلم ના વાળ મુબારક સીવેલા હતા. જંગના દરમ્યાન જ્યારે હઝરત ખાલિદ સેનાપતિ હતા અને ખતરનાક જંગ ચાલી રહી હતી એ દરમ્યાન આપની એ ટોપી પડી ગઈ. આપે સખ્ત તકલીફ કરી અને ટોપી તલાશ કરી ઉઠાવી લીધી. એટલામાં ઘણા ઈસ્લામી મુજાહિદો શહીદ થઈ ગયા, જંગ પૂરી થઈ તો લોકોએ સવાલ કર્યો કે તમે આવું શા માટે કર્યું જેના લીધે કેટલાક મુજાહિદો શહીદ થઈ ગયા ?! આ સાંભળી હઝરત ખાલિદ ઈબ્ને વલીદે ફર્માવ્યું, મેં કેવળ ટોપીના લીધે આવું નથી કર્યું, મેં આ કાર્ય વાળ મુબારકની અદબને લીધે કર્યું છે કે જે મારી ટોપીમાં સીવેલા હતા. *(શિફા શરીફ, નસીમુર્રિયાઝ)*

**સબક** : આ પરથી સહાબાએ કિરામ એવો સબક આપી ગયા છે કે અદબના રસ્તામાં ન તો બાપની પરવા થાય છે ન જાનની અને ન ઈજ્જત આબરૂની પરવા કરવામાં આવે છે.

## ★ માથાના આગળના વાળ કદી ન કપાવ્યા ! ★

હઝરત અબૂ મહઝૂરહ્ સહાબી رضی اللہ عنہ ના માથાના આગલા ભાગમાં વાળોનો એક ગુચ્છો હતો. બેસીને જો એને ખોલતા તો જમીન સુધી વાળ પહોંચી જતા. અર્ઝ કરવામાં આવ્યું કે તમે આ વાળોને સાફ કેમ કરાવી દેતા નથી ?! આ સાંભળીને આપે ફર્માવ્યું, આ તે વાળ છે જેને રહમતે કાયનાત صلی اللہ علیہ وسلم ના હાથ



મુબારક લાગ્યા છે એટલા માટે હું તેને સાફ કરવાનું માન્ય નથી કરતો ! *(શિફા શરીફ, સીરતે રસૂલ અરબી)*

## ★ હુઝૂર صلی اللہ علیہ وسلم એ જેમાં ખાધુ તે પ્યાલાની અદબ ! ★

હઝરતે ખદ્દાશ رضی اللہ عنہ એ એક દિવસ રસૂલે અકરમ صلی اللہ علیہ وسلم ને એક પ્યાલામાં ખાણુ ખાતા જોયા તો હઝરત ખદ્દાશે તે પ્યાલાને તબર્રુકના રૂપે લઈ લીધો અને જ્યારે હઝરત ઉમર رضی اللہ عنہ એમના ઘરે તશરીફ લઈ જતા તો એમનાથી હઝરત ઉમર તે જ પ્યાલો તલબ કરતા અને તેમાં ઝમઝમ શરીફનું પાણી નાખી પીતા અને પોતાના મોઢા પર લગાડતા. *(સીરતે રસૂલ અરબી)*

## ★ હુઝૂર صلی اللہ علیہ وسلم એ પાણી પીધેલ પ્યાલો આઠ લાખમાં લીધો ! ★

હઝરત અનસ સહાબી رضی اللہ عنہ ના પાસે એક લાકડીનો પ્યાલો હતો. જેમાં ઘણા વખત તાજદારે મદીના صلی اللہ علیہ وسلم એ પાણી પીધુ હતું. તે પ્યાલો હઝરત અનસના વિસાલ બાદ વારસામાં કોઈને મળ્યો. ત્યાર બાદ કોઈ મહોબ્બતવાળાએ તે પ્યાલાને આઠ લાખ દિરહમમાં વેચાતો લઈ લીધો કારણ કે તે પ્યાલાને હુઝૂર صلی اللہ علیہ وسلم ના હોઠ મુબારક લાગ્યા હતા. *(શર્હે શમાઈલ બહવાલા સીરતે રસૂલે અરબી)*

## ★ હુઝૂર صلی اللہ علیہ وسلم એ આપેલ ચાદર ૨૦ હજાર દિરહમમાં ★

જ્યારે અરબી શાઈર હઝરત કઅબ ઈબ્ને ઝુહેર ઈમાન

લાવ્યા અને કસીદા બાનાત સુઆદ હુઝૂરની ખિદમતમાં પઢયો અને જ્યારે હઝરત કઅબ رضی اللہ عنہ એ આ શેઅર પઢયો :–

ان الرسول لنور'' يستفادبه
مهند من سيوف الله مسلول

તો વાલીએ ઉમ્મત صلی اللہ علیہ وسلم એ પોતાની ચાદર મુબારક હઝરત કઅબને અતા ફર્માવી. પછી હઝરત મુઆવિયા رضی اللہ عنہ એ દસ ૧૦ હજાર દિરહમમાં તે ચાદર મુબારક વેચાતી લેવા માંગી તો હઝરત કઅબ رضی اللہ عنہ એ ફર્માવ્યું, હું આ ચાદર મુબારક કોઈને પણ આપીશ નહીં ! ત્યારબાદ હઝરત કઅબના વિસાલ પછી હઝરત મુઆવિયા رضی اللہ عنہ એ તેમના વારસો પાસેથી વીસ ૨૦ હજાર દિહરમમાં એ ચાદર મુબારક ખરીદી લીધી. *(શર્હે કસીદા બાનત સઆદ બ હવાલા સીરતે રસૂલે અરબી)*

### ★ લાકડીમાંથી તલ્વાર બની ગઈ ! ★

જંગે ઓહદમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને જહશ رضی اللہ عنہ ની તલ્વાર તૂટી ગઈ તો જાને જહાં رضی اللہ عنہ એ એમને ખજૂરની એક લાકડી પકડાવી આપી અને તે તલ્વાર બની ગઈ. તે તલ્વાર હઝરત અબ્દુલ્લાહના ખાનદાનમાં રહી અને એમના વારસો પાસેથી બગા તુર્કીએ બસો દીનારમાં વેચાતી લઈ લીધી. *(ઝુર્કાની, શરહે મવાહિબે લદુન્નિયા બહવાલા સીરતે રસૂલે અરબી)*

### ★ ખાટલી ચાર હજાર દિરહમમાં ★

હઝરત સઅદ ઈબ્ને ઝરારા رضی اللہ عنہ એ હુઝૂર صلی اللہ علیہ وسلم ની ખિદમતમાં એક ચારપાઈ (ખાટલી) તોહફામાં પેશ કરી જેના પર નબીએ અકરમ صلی اللہ علیہ وسلم આરામ ફર્માવતા હતા. તે ખાટલી



તબર્રુક રૂપે એકબીજા પાસે જતી રહી. તેને અબ્દુલ્લાહ ઈબ્ને ઈસ્હાક رضی اللہ عنہ એ ચાર હજાર દિરહમમાં ખરીદી. *(ઝુર્કાની)*

### ★ હુઝૂરે પકડેલી કમાન વુઝૂ વિના કદી ન પકડી ! ★

ગાઝી અહમદ ઈબ્ને ફઝલુવિય્યહ્ رحمۃ اللہ علیہ એ જ્યારે આ સાંભળ્યું કે રહમતે દો આલમ صلی اللہ علیہ وسلم એ કમાન હાથ લીધી તો તે જ દિવસથી ગાઝી અહમદ رحمۃ اللہ علیہ એ અદબના લીધે કદી બેવુઝૂ કમાનને હાથ લગાડયો.

આ બધા પ્રસંગો સંપૂર્ણ અદબના કરિશ્મા છે. અલ્લાહ તઆલા આપણને અદબની તૌફીક અતા ફર્માવે. (આમીન)

### ★ મસ્જિદે નબવીનું બાંધકામ અને અદબનો લેહાઝ ★

તુર્કી હુકૂમતે જ્યારે મસ્જિદે નબવી صلی اللہ علیہ وسلم ના બાંધકામનો પ્લાન બનાવ્યો તો ઈસ્લામી દેશોમાંથી અમુક ખાનદાનોને બોલાવ્યાં અને તેમના માટે કુસ્તુન્તુન્યા પાસે એક શહેર વસાવ્યું અને તુર્કી હુકૂમતે એ બધા જ ખાનદાનોનો ખર્ચો પોતાના ઉપર લીધો. તે ખાનદાનોમાંથી એક એક છોકરાને લઈ કુર્આનના હાફિઝ બનાવ્યા. તેમને બાંધકામનો હુન્નર શીખવાડયો. આવું કરવામાં તુર્કી હુકૂમતે પચ્ચીસ (૨૫) વરસો સુધી એ પાંચસો ખાનદાનનો ખર્ચો વેઠયો. પચ્ચીસ વર્ષો બાદ તે નવજવાનો બાંધકામના માહિર, આલિમ, ફાઝિલ અને કુર્આને પાકના હાફિઝ બની ગયા, તો એમને મસ્જિદે નબવીના બાંધકામમાં લગાડયા. અને મદીનાથી બહાર પથ્થર તોડવાનું કારખાનુ

બનાવી દીધું. આ કારખાનાને મદીના શરીફથી બહાર બનાવવાનું કારણ એ હતું કે હુઝૂર ﷺ ને પથ્થર તોડવાના અવાજથી તકલીફ ન થાય. અને હાફિઝોને હુકમ આપ્યો કે પથ્થર તૈયાર કરી મસ્જિદ શરીફમાં લઈ જાવ ત્યાં બે પથ્થર મિલાવી થાંભલા બનાવવામાં આવે. જો બે પથ્થરોમાં થોડો પણ ફર્ક થઈ જાય તો લાકડીના હથોડા પર કાપડ લપેટી એવી રીતે મારે કે અવાજ પૈદા ન થાય. જો બે પથ્થરોમાં વધારે ફર્ક હોય તો તેને ફરી કારખાનામાં લાવી સહીહ કરો. હુઝૂર ﷺ ના રોઝા પાસે પથ્થરોને સહીહ કરવાની ઈજાઝત નથી ! આ બધા આદેશો એટલા માટે હતા કે હુઝૂર ﷺ ને તકલીફ ન પહોંચે. બાંધકામ કરનારાઓને હુકમ હતો કે આ બધાં જ કામ બાવુઝૂ કરવામાં આવે અને કામ કરતી વખતે કુર્આન મજીદની તિલાવત ચાલુ રહે. તે નવજુવાનોએ પંદર વર્ષોમાં મસ્જિદે નબવીનું બાંધકામ પૂરું કર્યું. સાથે સાથે એ બધા જ પથ્થરો તુર્કી હુકૂમતે જે મસ્જિદમાં લગાડવામાં આવ્યા તે જેવા તેવા પહાડોથી ન લીધા હતા.

## ★ પાછા ફરતાં કબ્રની પીઠ ન કરતા ! ★

હઝરત ખ્વાજા અબુલ હસન رضی اللہ عنہ જ્યારે હઝરત બાયઝીદ બુસ્તામી رضی اللہ عنہ ની કબ્ર મુબારકની ઝિયારત કરી પાછા ફરતા તો રસ્તામાં કોઈ પણ જગ્યાએ હઝરત બુસ્તામીની કબ્ર મુબારક તરફ પીઠ ન કરતા. *(તઝકેરએ મશાઈખે નક્શબંદ, પેજ–૫૮)*

## અદબ કરનારાઓને ઈનામો

## ★ બાલ મુબારક સમગ્ર દૌલતથીય મહાન ! ★

રોનકુલ મજાલિસમાં છે કે બલ્ખ શહેરમાં એક વેપારી હતો



જે માલદાર હતો તેના બે છોકરા હતા. તેની ખુશનસીબી એ હતી કે તેના પાસે રહમતે દો આલમ ﷺ ના ત્રણ મુબારક વાળ હતા. જ્યારે વેપારીનો ઈન્તેકાલ થયો તો બંને છોકરાઓએ બાપની મિલ્કતને બરાબર વહેંચી લીધી. જ્યારે બાલ મુબારકની વહેંચણીની વાત આવી તો એક વાળ મુબારક મોટા ભાઈને અને બીજો નાનો ભાઈને આપી દેવામાં આવ્યો. ત્રીજા વાળના વિશે મોટા ભાઈએ કહ્યું કે આપણે અર્ધો અર્ધો લઈ લઈએ. આ સાંભળી નાના ભાઈએ જે અદબમાં રંગાયેલો હતો તેણે કહ્યું કે હું કદી આ વાળને તોડવા નહીં દઉં ! કારણ કે અલ્લાહના રસૂલ ﷺ ની શાન એનાથી ઘણી ઊંચી છે કે આપના વાળને તોડવામાં આવે ! જ્યારે મોટા ભાઈએ નાના ભાઈની અકીદત જોઈ તો કહ્યું, આ ત્રણ વાળ મુબારક તું લઈ લે અને બાપની બધી મિલ્કત મને દઈ દે ! આ સાંભળી નાના ભાઈએ કહ્યું, મને આનાથી વધું શું જોઈએ ! અને આ દુનિયાની બધી જ દૌલત મોટા ભાઈને આપી દીધી અને ત્રણે વાળ મુબારક પોતે લીધા. પછી તે વાળોને અદબથી એક મહફૂઝ જગ્યા પર મૂકી દીધા. જ્યારે તેને શોખ થતો તો વાળ મુબારકની ઝિયારત કરતો અને દુરૂદ શરીફ પઢતો.

મોટા ભાઈની બધી જ દૌલત થોડાક જ દિવસોમાં ખતમ થઈ ગઈ અને કંગાલ થઈ ગયો અને અલ્લાહ તઆલાએ નાના ભાઈને વાળ મુબારકની બરકતથી દુનિયાની દૌલત પણ ઘણી આપી. અને જ્યારે નાનો ભાઈ મૃત્યુ પામ્યો તો કોઈએ તેને સ્વપ્નમાં જોયો કે અલ્લાહના રસૂલ પણ તશરીફ ફર્મા છે અને ખ્વાબ જોવાવાળાને કહ્યું, તું લોકોમાં એલાન કરી આપ કે જેને કોઈ હાજત હોય તે આ નાના ભાઈની કબ્ર પર આવે અને અલ્લાહ તઆલાથી પોતાની હાજતનો સવાલ કરે ! આ એલાન પછી

લોકો તેની કબ્ર પર આવવા લાગ્યા, એટલે સુધી કે જે કોઈ પણ કબ્ર પરના ઈલાકામાં આવતો સવારીથી ઉતરીને ચાલવા લાગતો. *(રૌનકુલ મજાલિસ, અલકૌલુલ્બદીઅ, સઆદતુદ્દારૈન)*

## ★ વાળ મુબારકની અદબનો બદલો ★

ઈમામુલ અવલિયા સૈયદ અલી હિજવેરી દાતા ગંજબખ્શ લાહોરી رحمۃ اللہ علیہ "કશ્ફુલ મહજૂબ"માં લખે છે કે હઝરત ખ્વાજા મહદી સૈયારી رحمۃ اللہ علیہ મરવ શહેરના ખાતા પીતા ઘરના ચિરાગ હતા. બાપના ઈન્તેકાલ પછી વારસામાં ઘણી દૌલત મળી. ત્યાર બાદ એમને ખબર મળી કે ફલાણા શખ્સ પાસે અલ્લાહના રસૂલ ﷺ ના બે વાળ મુબારક છે. આપે તે વાળોને દુનિયાની દૌલતથી ખરીદી લીધા. તો અલ્લાહ તઆલાએ વાળ મુબારકની બરકતથી હઝરત મહદીને તૌબાની તૌફીક અતા ફર્માવી અને અલ્લાહ તઆલાએ તેમને પોતાના વલી બનાવી લીધા. બાદમાં આપે હઝરત ખ્વાજા અબૂબક્ર વાસેતીના હાથ મુબારક પર તૌબા કરી અને એમની ખિદમતમાં રહી એ દરજ્જો હાંસલ કર્યો કે અવલિયાએ કિરામની એક જમાઅતના ઈમામ બની ગયા. પછી જ્યારે હઝરત ખ્વાજા મહદીનો ઈન્તેકાલનો ટાઈમ થયો તો આપે વસિયત કરી કે આ વાળ મુબારક મારા મોઢામાં મૂકી આપવા. આવું જ કરવામાં આવ્યું કે બંનેવ વાળ તેમના મોઢામાં મૂકી દેવામાં આવ્યા. અત્યારે એમનો મઝાર મરવમાં મશ્હૂર છે, અને લોકો પોતાની હાજતો લઈને એમના મઝાર પર હાજર થાય છે અને પોતાની હાજતો પામે છે આ કાર્ય મારું અજમાવેલું છે. *(કશ્ફુલ મહજૂબ, અઝ : ગંજ બખ્શ)*



## ★ સમયના ગૌષની બેઅદબીનો અંજામ ★

અબૂ સઈદ અબ્દુલ્લાહ رحمۃ اللہ علیہ એ બયાન ફર્માવ્યું કે, અમે બગદાદના દીની મદ્રસા નિઝામિયામાં ઈલ્મે દીન પઢતા હતા. તે દિવસોમાં એક ગૌષ બગદાદ શરીફમાં આવ્યા (સૈયદ યૂસુફ હમદાની) તે જ્યારે ઈચ્છતા જાહેર થતા અને જ્યારે ઈચ્છતા ગાયબ થઈ જતા. એક દિવસ હું અને ઈબ્ને સકા અને શૈખ અબ્દુલ કાદિર જીલાની જે તે વખત નવજુવાન હતા. અમે ત્રણેવ ગૌષની ઝિયારત માટે રવાના થયા. રસ્તામાં ઈબ્ને સકાએ કહ્યું હું તો ગૌષ પાસે એટલા માટે જાઉં છું કે એવો સવાલ કરું કે ગૌષથી જવાબ ન બને. ત્યારબાદ મેં કહ્યું, હું પણ એક સવાલ કરીશ ખબર પડે કે એ શું જવાબ દે છે. શૈખ અબ્દુલ કાદિર બોલ્યા, અલ્લાહની પનાહ ! હું ગૌષથી કોઈ સવાલ કરું ?! (કદી સવાલ ન કરીશ !) હું એમની ખિદમતમાં ઝિયારત માટે જઈ રહ્યો છું. અમો ત્યાં પહોંચ્યા તો થોડીવાર પછી ગૌષની ઝિયારત (દીદાર) થઈ તો વખતના ગૌષે ઈબ્ને સકા તરફ નજર કરી ફર્માવ્યું, હે ઈબ્ને સકા ! તારા પર અફસોસ છે ! તું મારી પાસે સવાલ કરવા આવ્યો છે કે હું જવાબ ન આપી શકું ! હે ઈબ્ને સકા ! સાંભળ ! હું જોઈ રહ્યો છું કે કુફ્રની આગ તારા પર વધી રહી છે. ત્યાર બાદ તે ગૌષે મારી તરફ નજર કરી અને ફર્માવ્યું, હે અબ્દુલ્લાહ ! તું પણ મારાથી એક સવાલ કરવા આવ્યો છે એટલા માટે કે કેવો જવાબ મળે છે ! લે ! આ તારો સવાલ છે અને આ તારો જવાબ છે ! અને હું જોઈ રહ્યું છું કે દુનિયા તારા કાન સુધી ચઢી ગઈ છે ! પછી ગૌષે શૈખ અબ્દુલ કાદિર તરફ નજર કરી અને પોતાના નઝદીક બોલાવ્યા પછી ફર્માવ્યું, હે

અબ્દુલ કાદિર ! તેં સારા અદબથી અલ્લાહ અને તેના રસૂલને રાજી કરી લીધા. હું જોઈ રહ્યો છું તમે બગદાદમાં મિમ્બર પર ચઢી લોકોને બયાન કરશો અને ફર્માવશો કે મારો આ કદમ (પગ) બધા જ અવલિયાઓની ગરદન પર છે અને હું જોઈ રહ્યો છું કે તારા વખતના બધા જ અવલિયાએ તારા જલાલથી પોતાની ગરદનોને નમાવી લીધી છે. ત્યાર બાદ તે ગૌષ ગાયબ થઈ ગયા. બાદમાં શૈખ અબ્દુલ કાદિર પર પેલા ગૌષના કહેવા મુજબ અલ્લાહ તઆલાના કુર્બની નિશાનીઓ જાહેર થઈ અને દરેકે આપની વિલાયતને માની. આપે ફર્માવ્યું, મારો આ કદમ (પગ) દરેક વલીની ગરદન પર છે અને અલ્લાહના વલીઓએ એ વાતનો ઈકરાર કર્યો. ઈબ્ને સકાનો કિસ્સો એ પ્રમાણે થયો કે તે દીની ઈલ્મ હાંસલ કરવામાં લાગી રહ્યો અને કમાલ હાંસલ કરી લીધો અને બધા જ ઈલ્મોમાં ખાસ કરીને મુનાઝરાની વિદ્યામાં મશહૂર થયો. ઝબાનનો ફસીહ સૂરત અને શકલ ખૂબસૂરત એટલે બાદશાહે પોતાના કરીબ કરી લીધો. પછી સફીર (કાસિદ) બનાવી સીરિયા અને રૂમ દેશ તરફ મોકલ્યો. રૂમ દેશના બાદશાહે ઈબ્ને સકાને માહિર અને ફસીહ જાણ્યો તો આશ્ચર્ય પામ્યો. ઈસાઈ મઝહબના આલિમોને ઈબ્ને સકા સાથે મુનાઝરા માટે બોલાવ્યો. ઈબ્ને સકાએ બધા જ આલિમોને લાજવાબ કરી દીધા. ઈસાઈ આલિમો હારી ગયા. આ કામયાબીથી બાદશાહની નજીક તેની અઝમત વધી ગઈ અને આ જ કામયાબી ઈબ્ને સકા માટે ફિત્નાનો સબબ બની. એક દિવસ તેની નજર શાહઝાદી પર પડી અને આશિક થઈ ગયો અને બાદશાહથી શાહઝાદીનો રિશ્તો માંગ્યો. બાદશાહે કહ્યું, એક શર્ત છે કે તમે ઈસાઈ મઝહબને કબૂલ કરી લો ! એના પર ઈબ્ને સકાએ ઈસ્લામથી મુર્તદ થઈને



ઈસાઈ ધર્મ કબૂલ કરી લીધો. રૂમી બાદશાહે પોતાની છોકરીનો નિકાહ ઈબ્ને સકા સાથે કરી આપ્યો. થોડા વખત પછી ઈબ્ને સકા બીમાર થયો તો એવો બીમાર પડયો કે તેને કોઈ પૂછતું ન હતું. લોકોએ તેને એક ઓરડીમાં નાખી દીધો અને તે જિંદગી ગુજારવા માટે ભીખ માંગતો હતો, તેને કોઈ બોલાવતું ન હતું. ઈબ્ને સકાનું મોઢું કાળુ થઈ ગયું. એક દિવસ તેના દોસ્તોમાંથી કોઈએ તેને પૂછયું, તારી શું ખબર છે ? જવાબ આપ્યો, આ એક ફિત્નો જે મારા ઉપર નાઝિલ થયો છે. દોસ્તે પૂછયું, હે ઈબ્ને સકા ! તને કુર્આન શરીફમાંથી કાંઈ યાદ છે કે નહીં ?! કહ્યું, એક આયત યાદ રહી ગઈ છે તે આ છે :–

ربما يود الذين كفروا لو كانوا مسلمين ۝

તે દોસ્તનું બયાન છે કે ફરી હું એક દિવસ તેના પાસે ગયો અને ઈબ્ને સકાને જોયો તે કાળો થઈ ગયો હતો અને સકરાતની હાલત હતી. મેં તેની કરવટ કિબ્લા તરફ કરી તો એ પૂર્વ તરફ ફરી ગયો અને એ જ હાલતમાં તેની જાન નીકળી ગઈ. ઈબ્ને સકા તે ગૌષની વાત યાદ કરતો હતો અને કેહતો કે હું એ બેઅદબીના કારણે મુસીબતમાં છું.

અબૂ સઈદ અબ્દુલ્લાહ ઈબ્ને અસ્રૂને કહ્યું, મારો કિસ્સો આ પ્રમાણે છે કે દીની ઈલ્મ પઢી હું દમિશ્ક આવી ગયો તો સુલ્તાન નૂરુદ્દીન શહીદે મને બોલાવી અવકાફનો ઈન્ચાર્જ બનાવી દીધો અને હું મુતવ્વલી બની ગયો તો દુનિયા મારા ઉપર ચારે તરફથી આવતી. હું વખતના ગૌષના ફર્માનને યાદ કરતો હતો. અમારા ત્રણ પર પેલા ગૌષની વાત પૂરી થઈ. *(અન્વારુલ મુહસિનીન, ફતાવાએ હદીષિય્યહ)*

**નોંધ** : આ બનાવ પરથી સબક મળ્યો કે કેવળ ઈલ્મ પઢવાથી કશું થતું નથી માણસ ભલે ગમે તેટલો ઈલ્મ પઢી લે પણ જો અદબ નથી તો બધું જ નિરર્થક છે અને અદબ છે તો બધું જ છે.

વિચારવા જેવી વાત છે કે ઈબ્ને સકાએ એક વલી એક ગૌષની શાનમાં હલકી બેઅદબી કરી તો ઈમાન બર્બાદ કરી બેઠો, તો જે નબીઓના સરદાર રસૂલોના ઈમામ, હબીબે ખુદા ﷺ ની શાનમાં બેઅદબી કરે તેનો કેવો અંજામ થશે ?! આ પ્રસંગથી એ લોકો બોધ હાંસલ કરે જે અગર મગરના ચક્કર ચલાવી બેઅદબી કરે છે. દા.ત. જો નબીને ઈલ્મ હોત તો આવું કેમ બન્યું ?! જો નબીને ઈખ્તિયાર હોત તો પોતાના નવાસાને કેમ ન બચાવ્યા ?! વગેરે...

## ★ બુઝુર્ગના હાથ ચૂમવા પર બખ્શિશ થઈ ! ★

હઝરત ખ્વાજા બાબ ફરીદુદ્દીન ગંજશકરે ફર્માવ્યું, એક વખત એક નવજુવાન જે ફાસિક ફાજિર ગુનેહગાર હતો તેનો મુલ્તાન (પાક.) ઈન્તેકાલ થઈ ગયો બાદમાં કોઈએ ખ્વાબમાં જોયો, પૂછયું, તારી સાથે શું થયું ?! તેણે જવાબ આપ્યો, મને મારા અલ્લાહે બખ્શી આપ્યો. ખ્વાબ જોનારે પૂછયું, માફી શું કારણે થઈ ?! જવાબ આપ્યો, એક દિવસ હઝરત ખ્વાજા બહાઉદ્દીન ઝકરિયા મુલ્તાની رحمۃ اللہ علیہ જઈ રહ્યા હતા તો મેં મહોબ્બતમાં આપના હાથ મુબારકને ચૂમી લીધા, તો અલ્લાહ તઆલાએ મને આ અમલના કારણે બખ્શી આપ્યો. *(ખુલાસતુલ આરિફીન)*

આ તે જાતનો ફઝલ છે જેનું કુર્આનમાં એલાન છે :–



لا یسئل عما یفعل وھم یسئلون

''અલ્લાહ જે પણ કરે કોઈ તેને પૂછી નથી શક્તો કે આ કેમ કર્યું ?! અને તે હક્ક તઆલા દરેકને પૂછી શકે છે.''

## ★ બુઝુર્ગોની સોહબતમાં બેસવાનું ફળ ★

હઝરત જુનૈદ બગદાદીના જમાનામાં એક શખ્સ હતો જેને લોકો તેનાં ગલત કાર્યોના કારણે શક્કી (બદ્‌બખ્ત) કહેતા હતા. એક દિવસ તે હઝરત જુનૈદની ખિદમતમાં હાજર થયો અને થોડી વાર બાદ ઉભો થઈ ચાલ્યો ગયો. રસ્તામાં કોઈએ તેને શક્કી (બદ્‌બખ્ત) કહીને બોલાવ્યો. ગૈબથી અવાજ આવ્યો, હવે એને શક્કી ન કહો ! કારણ કે એ અમારા વલી જુનૈદની ખિદમતમાં બેસી ચૂક્યો છે, અને જે જુનૈદની ખિદમતમાં થોડીવાર બેસે તો શક્કી નથી રહી શક્તો. *(ઝિક્રે ખૈર)*

## ★ બુઝુર્ગની અદબ કરવાથી કુકર્મીની બખ્શિશ ★

એક શખ્સ જે બુરાં કાર્યો કરતો હતો. એક દિવસ દજલા નદી પર હાથ મોં ધોવા ગયો તો ત્યાં જ નીચે હઝરત ઈમામ અહમદ ઈબ્ને હંબલ બેઠા બેઠા વુઝૂ કરી રહ્યા હતા. તેના દિલમાં ખયાલ આવ્યો કે એક અલ્લાહ તઆલાના મકબૂલ બંદા અને ઈમામ વુઝૂ કરે છે અને મારી જેવો નાલાયક ઉપર બેસી હાથ પગ ધૂએ ! આ બહુ મોટી બેઅદબીની વાત છે ! આવું વિચારી તે ઉઠયો અને નીચે આવી બેસી ગયો અને હાથ પગ ધોઈને ચાલી ગયો. જ્યારે તે શખ્સનો ઈન્તેકાલ થઈ ગયો તો એક બુઝુર્ગે ખ્વાબમાં જોયો. પૂછયું, તારી સાથે શું થયું ?! તેણે જવાબમાં

દજલાવાળો વાક્યો બયાન કરી કહ્યું કે મને મારા રબે હઝરત ઈમામ અહમદ ઈબ્ને હંબલની અદબ કરવાના કારણે બખ્શી આપ્યો. *(તઝકેરતુલ અવલિયા, ઝિક્રે ખૈર)*

## ★ મુજદ્દિદ અલ્ફેષાનીનાં જૂતા મુબારકના અદબની બરકત ★

મૌલાના હમીદુદ્દીન બંગાલી પોતાના દેશ બંગાળથી બહાર ઈલ્મે દીન હાંસલ કરવા ગયા. ઈલ્મે દીન હાંસલ કર્યા બાદ બંગાળ જતાં જ્યારે આગ્રા પહોંચ્યા તો મુફતીએ આગ્રાના ઘરે કયામ કર્યો. તેવામાં ઈમામે રબ્બાની મુજદ્દિદે અલ્ફેષાની સરહિંદી رحمۃ اللہ علیہ આગ્રા તશરીફ લાવ્યા. મૌલાના પોતે ઈમામ સાહબથી બુરો એ'તેકાદ રાખતા હતા. તો ઈમામ સાહબની ખબર સાંભળી બંગાલી મૌલાનાએ પોતાના વતન જવાનો પ્રોગ્રામ બનાવ્યો. આગ્રાના મુફતીએ મૌલાનાથી પૂછયુ, તમે આટલી જલ્દી કેમ કરો છો મૌલાના ?! બતાવ્યું કે ઈમામ સાહબે નજીકમાં જ કયામ કરેલો છે અને હું એમને મળવા ચાહતો નથી એટલા માટે હું જઈ રહ્યો છું. મુફતી સાહબે પૂછયું, મૌલાના ! તમે કેમ મળવા નથી ઈચ્છતા ?! તેઓ તો આલિમે દીન છે અને નેક બુઝુર્ગ છે ! મૌલાનાએ કહ્યું, મારું દિલ નથી ચાહતું. છેવટે બંગાળી સાહબે સામાન ઉઠાવ્યો અને બંગાળ તરફ રવાના થઈ ગયા અને ત્રણ દિવસ પછી બંગાળી સાહબ પાછા આવ્યા. મુફતીએ પૂછયું, કેમ પાછા ફર્યા ?! બંગાળી સાહબ બોલ્યા, હું તમારા ઘરે એક કિતાબ ભૂલી ગયો છું તે લેવા માટે આવ્યો છું. મુફતી સાહબે ફર્માવ્યું, તલાશ કરી લો ! બંગાળી મૌલાના તલાશ કરવા લાગ્યા કે કોઈએ મુફતી સાહબને બતાવ્યું કે હઝરત ઈમામે રબ્બાની



દરવાજા પર મૌજૂદ છે અને અંદર આવવા ચાહે છે. મુફતી સાહબે કહ્યું, મરહબા ! તશરીફ લાવો ! આ સાંભળી બંગાળી મૌલાના ગભરાઈ ગયા અને કહ્યું હું ક્યાં જાઉં ?! મુફતી સાહબે ફર્માવ્યું, છુપાઈ જાવ ! પછી ઈમામે રબ્બાની અંદર તશરીફ લાવ્યા. તો મુફતી સાહબે અર્ઝ કરી, હુઝૂર તશરીફ લાવવાનો મકસદ શું છે ?! ફર્માવ્યું, એક મસ્અલાના કારણે ! મુફતી સાહબે હુઝૂરને અર્ઝ કરી કે, આપનાથી વળી કયો મસ્અલો છુપાયેલો છે ! ફર્માવ્યું, તમે આગ્રાના મુફતી છો એટલા માટે તહકીક કરી લેવી જરૂરી છે. તેવામાં ઈમામે રબ્બાનીની નજર બંગાળી મૌલાના પર ગઈ. થોડી વાર પછી જ્યારે ઈમામે રબ્બાની કમરાથી બહાર નીકળ્યા અને મુફતી સાહબ અલવિદા કરવા નીકળ્યા તો મુફતી સાહબે જોયું કે પેલા બંગાલી મૌલાના અદબથી ઈમામ સાહબના પાછળ ઉભા છે અને રડી રહ્યા છે. મુફતી સાહબને આશ્ચર્ય થયું અને કોઈને હુકમ કર્યો પાછળ જાવ અને જુઓ કે બંગાળી સાહબ ક્યાં સુધી જાય છે ? પછી તેણે આવીને બતાવ્યું કે હઝરત ઈમામ સાહબ મકાનમાં તશરીફ લઈ ગયા અને બંગાળી મૌલાના દરવાજા પર ઉભા રડી રહ્યા હતા. પછી હઝરત હઝરતે મહેરબાની કરી બંગાળી સાહબને અંદર બોલાવ્યા અને મુજદ્દિદી સુલૂક પાર કરાવવા લાગ્યા. જ્યારે સુલૂક પૂરા થયા અને મૌલાના બંગાળીને જવાની ઈજાઝત મળી તો હઝરતે ફર્માવ્યું, દસ્તાર લાવો ! મૌલાનાની દસ્તારબંદી કરી આપીએ. બંગાળી મૌલાનાએ અર્ઝ કરી, હુઝૂર ! તબર્રુક અતા કરવું હોય તો આપની ઉતારેલી મોજડી અતા કરો. આપે સમજાવ્યા કે બીજી કોઈ વસ્તુ લઈ લો ! પરંતુ બંગાળી સાહબ કહેતા રહ્યા કે જૂતા મુબારક અતા થઈ જાય ! જ્યારે તે મળી ગયા તો મૌલાના ત્રણ કોસ સુધી

ઉલટા પગે જૂતા મુબારકને પોતાના દાંતોથી દબાવી લઈ ગયા. અને પછી માથા પર રાખી બંગાળ પહોંચ્યા અને પોતાના ઘરે ઓટલો બનાવ્યો અને તેના પર જૂતા મુબારક રાખી દીધા. અને જ્યારે કોઈ બીમાર અથવા દુઆનો તાલિબ આવતો તો મૌલાના ફર્માવતા કે પ્યાલામાં પાણી લાવો ! અને મૌલાના જૂતા મુબારકની ટોચ પ્યાલામાં ફેરવી દેતા તો બીમાર અલ્લાહ તઆલાના ફઝલથી સારો થઈ જતો. અને જો કોઈના નસીબમાં શિફા ન હોય તો પ્યાલો તૂટી જતો અને મૌલાનાની મૌત સુધી આ ક્રમ ચાલતો રહ્યો અને વિસાલ બાદ મૌલાનાની કબ્રના માથા તરફ એક જગ્યાએ તે જૂતા મુબારક રાખી દેવામાં આવ્યાં. *(મલફૂઝાતે ખ્વાજાએ ખ્વાજગાં ગુલામનબી, પેજ—૩૬)*

**નોંધ** : એક વલીના જૂતા મુબારકના અદબ કરવાથી મૌલાના બંગાળીનું ઘર શિફાખાનુ બની ગયું અને જેના વસીલાથી વલી વલી બને છે તેનો અદબ કરવાથી ઘણુ અતા થશે. ઈન્શાઅલ્લાહ ! જન્નત પણ મળશે. (આમીન)

## ★ નામે મુહમ્મદની અદબની બરકત ★

હઝરત મૂસા علیہ السلام ના જમાનામાં એમની કૌમ બની ઈસ્રાઈલમાં એક શખ્સ ઘણો જ ગુનેહગાર અને બદ્કાર હતો તેણે સો વર્ષ અને એક રિવાયતના મુતાબિક બસો વર્ષ નાફર્માનીમાં ગુજાર્યા. અને જ્યારે તે મરી ગયો તો બની ઈસ્રાઈલની કૌમે તેને કફન દફન કરવું પણ યોગ્ય ન જાણ્યું અને નાપાકીની જગ્યાએ તેને ફેંકી દીધો. આ બાજુ અલ્લાહ તઆલાએ પોતાના પ્યારા કલીમ મૂસા علیہ السلام તરફ વહી કરી કે અમારો એક દોસ્ત ફૌત થયો છે અને લોકોએ તેને ગંદકીમાં



ફેંકી દીધો છે, તમે તમારી કૌમને હુકમ આપો કે તેને ઉઠાવે અને ઈજ્જત તથા એહતરામ સાથે કફન દફન કરે અને તમે નમાઝે જનાઝા પઢાવો. આ સાંભળી મૂસા علیہ السلام કૌમને લઈ ત્યાં પહોંચ્યા એને જોયો તો ઓળખી લીધો કે આ તો પાપી ગુનેહગાર છે ! પરંતુ અલ્લાહનો હુકમ હતો એટલે ઈજ્જતથી ઉઠાવી નમાઝે જનાઝા પઢાવી અને દફન કર્યો. બાદમાં હઝરત મૂસા علیہ السلام એ બારગાહે ઈલાહીમાં અર્ઝ કરી, યા અલ્લાહ ! આટલો મોટો ગુનેહગાર આટલી બધી ઈજ્જતનો હક્કદાર કઈ રીતે થયો ?! ફર્માવ્યું, હે મારા નબી ! એ હતો તો ગુનેહગાર તથા સજાના લાયક જ ! પરંતુ થયું એવું કે એક દિવસ એણે તૌરાત ખોલી અને તેમાં મારા હબીબ ﷺ ના નામ મુહમ્મદ પર તેની નજર પડી તો તેના દિલમાં મારા હબીબ ﷺ ની મહોબ્બતે જોશ માર્યો અને મુહમ્મદ ﷺ ના નામને બોસો આપ્યો, આંખો પર રાખી દુરૂદ પઢયું. તો મેં આ તા'ઝીમ અને અદબના કારણે તેના ગુનાહો માફ કરી આપ્યા અને પોતાના નેક બંદાઓમાં સામેલ કરી આપ્યો. *(મકાસિદુસ્સાલેકીન, હિલયતુલ્ ઔલિયા, અલ્ કૌલુલ્ બદીઅ, સીરતે હલબિયહ્)*

## ★ ખુદાના નામની અદબથી વલીના દરજ્જે ★

હઝરત બિશર હાફી رحمۃ اللہ علیہ નશામાં ચૂર જઈ રહ્યા હતા. રસ્તામાં એક કાગળના ટુકડા પર નજર પડી. તેને ઉઠાવીને જોયું તો ઉપર લખેલું હતું : بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ખ્વાજા બિશ્ર હાફીએ તે કાગળને સાફ કર્યું, અત્તર લગાડયું અને ઊંચી જગ્યાએ મૂકી દીધું કારણ કે તેના પર અલ્લાહ ઝુલ જલાલનું નામે પાક લખેલું હતું. તે જ રાતે કોઈ અલ્લાહવાળાને હુકમ થયો કે બિશ્રને

ખુશખબરી સંભળાવો કે તેં મારા નામને અત્તર ખુશ્બુ લગાડી ઊંચી જગ્યાએ મૂક્યું એટલે હું પણ બિશ્રને ઊંચો મકામ અતા કરીશ ! તે અલ્લાહવાળાએ એવું વિચારીને કે બિશ્ર તો શરાબી કબાબી છે, કાંઈ મારો ઈલ્હામ જૂઠો ન હોય ! ફરી બીજી વખત હુકમ થયો. ત્રીજી વખત એ જ ફર્માન મળ્યું જેથી તે બિશ્રના ઘરે ગયા તો ખબર મળી કે બિશ્ર શરાબખાના ગયા છે. કોઈએ બતાવ્યું બિશ્ર તો શરાબના નશામાં મસ્ત થઈને પડયા છે ! અલ્લાહવાળાએ કહ્યું કે બિશ્રને પૈગામ આપો કે હું તારા માટે એક ખાસ પૈગામ લાવ્યો છું. જ્યારે બિશ્રે સાંભળ્યું તો ખૌફે ખુદાથી ચપ્પલ વિના ભાગ્યા અને પૈગામે ઈલાહી સાંભળી કાયમના માટે તૌબા કરી લીધી. ત્યાર બાદ હઝરત બિશ્ર رحمۃ اللہ علیہ એ બુટ ચપ્પલ પહેર્યા નથી, એટલા માટે એમનો લકબ ''હાફી'' થયો એટલે કે ઉગાડા પગવાળો. અલ્લાહ તઆલાએ તે બિશ્રને જે શરાબીઓના સરદાર હતા પણ અલ્લાહ તઆલાના નામે પાકની અદબ કરવાના કારણે વલીઓના સરદાર બનાવી આપ્યા ! *(તઝકેરતુલ અવલિયા)*

## ★ અઝાનની અદબના કારણે બખ્શિશ ! ★

બાદશાહ હારૂન રશીદની રાણી ઝુબૈદા પોતાની સહેલીઓમાં બેઠી હતી કે અઝાન શરૂ થઈ. સ્ત્રીઓમાંથી કોઈએ અઝાનના વચમાં વાત કરવા ચાહી તો ઝુબૈદાએ ઈશારાથી ના પાડી. જ્યારે ઝુબૈદાનો ઈન્તેકાલ થઈ ગયો તો કોઈએ ખ્વાબમાં જોયાં તો પૂછયું કે શું થયું ?! ઝુબૈદાએ બતાવ્યું કે અલ્લાહ તઆલાએ મને બખ્શી આપી. પૂછયું, ક્યા કારણથી બખ્શી આપ્યા ?! કહ્યું, અઝાનની અદબ કરવાના કારણે બખ્શિશ થઈ ગઈ ! *(તઅ્તીરુલ્ અનામ)*



## ★ કુર્આનની અદબના કારણે સલ્તનતનું ઈનામ ! ★

તુર્કી સુન્ની ઉષ્માની હુકૂમતનો બાની ઉષ્માન ગાઝી એક દિવસ જઈ રહ્યો હતો. રાતે એક જગ્યાએ કયામ કર્યો તો જોયું કે કુર્આન શરીફ મૂકેલું છે. પૂછયું, આ શું છે ?! લોકોએ બતાવ્યું, કુર્આન છે. ઉષ્માન ગાઝીએ કહ્યું, કુર્આન શરીફ સામે બેસી જવું અદબના વિરૂધ્ધ છે ! અને હાથ બાંધી સવાર સુધી ઉભો રહ્યો. સવારે જ્યારે તે નીકળ્યો તો એક શખ્સ મળ્યો અને કહ્યું તમે ક્યાં હતા ? હું તો તમને તલાશ કરું છું ! પછી તે માણસે કહ્યું, તમે કુર્આનનો અદબ કર્યો છે એટલા માટે અલ્લાહ તઆલાએ તમારા માટે અને તમારી ઔલાદ માટે સલ્તનત (હુકૂમત) લખી આપી છે. *(તફસીરે રૂહુલ બયાન સૂરએ અંબિયા)*

## બેઅદબીનો વબાલ

## ★ છ લાખ વર્ષની ઈબાદત બર્બાદ ! ★

શૈતાને લાખો વર્ષ અલ્લાહ તઆલાની ઈબાદત કરી. એક રિવાયત છે કે શૈતાને છ લાખ વર્ષ ઈબાદત કરી અને તે કેવળ એક બેઅદબીના કારણે છ લાખ વર્ષની ઈબાદત બર્બાદ કરી બેઠો. અને તે બેઅદબી હતી અલ્લાહના ખલીફા હઝરત આદમ علیہ الصلوٰۃ والتسلیم ની તા'ઝીમ ન કરવી. فاعتبروا یااولی الابصار એટલા માટે અલ્લાહ તઆલા કુર્આન શરીફમાં ફર્માવે છે :–

ولاتجهروا له بالقول كجهر بعضكم

لبعض ان تحبط اعمالكم وانتم لاتشعرون-

"ખબરદાર ! મારા હબીબ (صلى الله عليه وسلم)ના અવાજથી ઊંચો અવાજ કરી બેઅદબી ન કરી બેસશો ! જો બેઅદબી કરી તો તમારી બધી નેકીઓ બર્બાદ કરી આપવામાં આવશે."

## ★ બેઅદબીની સજા ! ગધેડા જેવું મોઢું ! ★

દમિશ્કમાં એક આલિમ ફાઝિલ મોહદ્દિષ જે હદીષ શરીફ પઢાવતા હતા તેમની ખિદમતમાં એક તાલિબે ઈલ્મ હદીષ પઢવા માટે હાજર થયો તો જોયું ઉસ્તાદ કાયમ પોતાના મોઢા પર પર્દો રાખે છે, કદી પોતાનો ચેહરો નથી દેખાડતા. જ્યારે થોડો સમય થયો તો તાલિબે ઈલ્મને આશ્ચર્ય થયું તો જોવા માટે કહ્યું અને જીદ કરી તો મોહદ્દિષ સાહબે પર્દો ઉઠાવી આપ્યો. તાલિબે ઈલ્મે જોયું કે :–فرای وجهه وجه حمار- ઉસ્તાદનો ચેહરો ગધેડા જેવો છે ! કારણ પૂછવા પર ઉસ્તાદે બતાવ્યું કે જ્યારે મેં આ હદીષ પઢી :–

اما یخشی الذی یرفع راسه قبل
الامام ان یحول الله راسه راس حمار-

**અર્થ** : જે શખ્સ ઈમામથી પહેલાં માથુ ઉઠાવે તે આ વાતથી ખૌફ નથી કરતો કે અલ્લાહ તઆલા એના ચેહરાને ગધેડા જેવો કરી આપશે. મેં આ હદીષ પઢીને કહ્યું, ક્યારેક આવું બન્યું છે ?! હું કરી જોવું છું ! અને જ્યારે ઈમામ સાહબની પાછળ નમાઝ પઢી તો જાણી બુઝીને રુકૂઅથી ઈમામના પહેલાં માથુ ઉઠાવી લીધું. તે દિવસથી મારો ચેહરો ગધેડા જેવો થઈ ગયો છે. (એટલે પર્દો કરું છું.) *(મિશ્કાતનો હાશિયો)*

હે મારા ભાઈ ! બેઅદબીથી બચ અને કાયમ બાઅદબ રહે !



આપણને બધાને અલ્લાહ તઆલા બેઅદબીથી બચાવે.

## ★ બેઅદબ કાચંડાને શું સજા મળી ?! ★

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ રિવાયત કરે છે કે રસૂલે રહીમ صلى الله عليه وسلم એ ફર્માવ્યું, જે શખ્સ કાચંડાને એક ઘામાં મારે એના માટે એકસો નેકી લખવામાં આવે છે. અને બીજો ઘા મારવાવાળાને એનાથી ઓછી અને પથ્થર વગેરેથી મારવામાં મારનારને એનાથી ઓછી નેકી મળશે. *(મુસ્લિમ શરીફ)* જ્યારે પૂછવામાં આવ્યું, યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم કાચંડાને આ સજા શું કારણે મળી ?! તો ફર્માવ્યું :– عن ام شريك رضى الله تعالىٰ عنها જ્યારે નમરુદીઓએ હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والتسلیم ને આગમાં નાખવા માટે આગ સળગાવી તો આ કાચંડો આગ લગાડવા ફૂંકો મારતો હતો. એ બેઅદબીના કારણે તેને આ સજા મળી છે કે જે એક વખતમાં એક જ પથ્થરે મારી નાખે તેને સો નેકી મળે.

**બોધ** : વિચારવા જેવી વાત છે કે એક જાનવરને શરીઅતના હુકમો જેના પર નથી તેને આટલી બેઅદબી પર એ સજા મળી કે તેની પૂરી નસલ આ સજામાં આવી ગઈ. તો જેના પર શરીઅતના હુકમો લાગે છે (ઈન્સાન, જિન) જો તે બેઅદબી કરે તો તેની સજા કેવી હશે ?!

## ★ બેઅદબીની સજા આવનારી પેઢીમાં પણ ! ★

ખ્વાજા બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہ સૂઈ રહ્યા હતા કે એક નાલાયક આવ્યો. તેણે ખ્વાજાના પગ પર પગ મૂક્યો અને આગળ વધી ગયો. ખાદિમે કહ્યું, અરે ! તેં આ શું કર્યું ?! તો બોલ્યો, શું

થયું ?! ખાદિમે કહ્યું, આ હઝરત બુસ્તામી છે ! તો તે બોલ્યો, છે તો શું ?! બાદમાં જ્યારે તેનો છેલ્લો વખત આવ્યો તો તેનો તે પગ કાળો થઈ ગયો અને એ જ હાલતમાં મરી ગયો. એટલે સુધી કે એની ઔલાદમાંથી જેનો પણ છેલ્લો ટાઈમ આવતો તો પગ કાળો થઈ જતો. *(રૌનકુલ મજાલિસ)*

## ★ અબૂ હનીફા رضی اللہ عنہ નો બેઅદબ મુર્તદ થઈ ગયો ! ★

મૌલાના અબૂબક્ર ગઝનવી લખે છે : મારા દાદા મૌલાના અબ્દુલ જબ્બાર ગઝનવીએ અમૃત્સરમાં એક દીની મદ્રસો કાયમ કર્યો. તેમાં એક વિદ્યાર્થી ગેરમુકલ્લિદ જે મદ્રસામાં પઢતો હતો અને અમૃત્સરની એક મસ્જિદમાં ખતીબ પણ હતો. એક દિવસ તેણે તા'લીમના દરમ્યાન કહ્યું કે હું અબૂ હનીફાથી સારો છું ! કારણ કે તેમને ફક્ત ૧૭ હદીષો યાદ હતી અને મને એમનાથી વધારે યાદ છે ! જ્યારે મૌલાના અબ્દુલ જબ્બારને ખબર મળી તો ફર્માવ્યું કે તેને મારા મદ્રસાથી બહાર કરો ! અને જલ્દી એ મુર્તદ થઈ જશે. મદ્રસાથી નીકળ્યા બાદ એક જ અઠવાડિયામાં તે કાદયાની થઈ ગયો. પછી મસ્જિદથી પણ લોકોએ ઝલીલ કરી કાઢી મૂક્યો. મૌલાનાથી પૂછવામાં આવ્યું તમે કઈ રીતે કહ્યું હતું કે એ મુર્તદ થઈ જશે ?! ફર્માવ્યું, જ્યારે મેં એની આ બેઅદબી સાંભળી તો મારી સામે એક હદીષ આવી કે, રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે કે અલ્લાહ ફર્માવે છે : **"જેણે મારા વલી સાથે દુશ્મની કરી મારા તરફથી એના માટે એલાને જંગ છે."**

ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ અલ્લાહના વલી છે એટલે એમની શાનમાં બેઅદબી કરનારનું ઈમાન કેવી રીતે રહી શકે



છે ?! (સૈયદી વ અબી)

## ★ બેઅદબનું મોં કા'બાથી ફરી ગયું ! ★

હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું : એક શખ્સ હતો જેના દિલમાં અલ્લાહના વલીઓ પ્રત્યે દુશ્મની હતી. જ્યારે કોઈ અલ્લાહના વલી એના સામે આવતા તો મોઢું ફેરવી લેતો. જ્યારે તે મર્યો તો લોકોએ કબ્રમાં ઉતારી એનું મોઢું કિબ્લા તરફ કર્યું તો તરત બીજી બાજુ ફરી ગયું ! લોકોને આશ્ચર્ય થયું. વારંવાર આમ થયું છેવટે અવાજ આવ્યો, હે બંદાઓ ! એને આવો જ રહેવા દો ! આ એ બંદો છે જે દુનિયામાં મારા વલીઓથી મોઢું ફેરવી લેતો હતો, અને જે મારા વલીઓથી મોઢું ફેરવી લે એનાથી મારી રહમત પણ મોઢું ફેરવી લે છે. અલ્લાહની બારગાહથી તેને કાઢી નાંખવામાં આવે છે. *(દલીલુલ આરિફીન)*

**નોંધ** : એટલે હઝરત ખ્વાજા શાહ શુજાઅ કિર્માનીએ ફર્માવ્યું, જે શખ્સ વલીઓની શાનમાં ગુસ્તાખી બેઅદબી કરે તો ખૌફ છે કે તેનો અંજામ બુરો જ થાય.

## ★ વલીઓના બેઅદબને કલ્મો મોઢે ન ચડતો હતો ★

સંજારમાં એક શખ્સ જે અલ્લાહ તઆલાના વલીઓને બુરું ભલુ કહેતો હતો. જ્યારે મરવા પડયો તો વાતો કરતો પરંતુ કલ્મો ન પઢતો. લોકોએ કલ્મો સંભળાવ્યો પણ તે કલ્મો પઢી ન શક્તો. લોકો પરેશાન થઈ ગયા અને હઝરત ખ્વાજા સોવેદ સંજારીને બોલાવી લાવ્યા. આપ આવીને તેની પાસે બેસી મુરાકેબહ કરવા

લાગ્યા. બાદમાં મુરાકેબાથી સર ઉઠાવ્યું તો તેણે કલ્મો પઢયો. હઝરતે ફર્માવ્યું, આ શખ્સ અલ્લાહના વલીઓની બેઅદબી કરતો હતો એટલે તેની ઝબાનને કલ્મો પઢવાથી રોકી લેવામાં આવી હતી. જ્યારે મેં મુરાકેબા કર્યો અને આ વાત ખબર પડી તો મેં અલ્લાહની બારગાહમાં એના તરફથી સિફારિશ કરી. ફર્માવ્યું, હે પ્યારા ! મેં તારી સિફારિશ કબૂલ કરી પણ એ શર્ત છે કે જે મારા વલીઓની બારગાહમાં આ શખ્સ બેઅદબી કરતો હતો તે પણ રાજી થઈ જાય. હું હઝરતુશ્શરીફામાં દાખલ થયો અને ખ્વાજા મઅરૂફ કર્ખી, ખ્વાજા સર્રી સકતી, ખ્વાજા જુનૈદ બગદાદી, ખ્વાજા બાયઝીદ બુસ્તામી (قُدِّسَتْ اَسْرَارُهُمْ) આ બધાથી મેં આ શખ્સની તરફથી માફી ચાહી તો એમણે માફ કરી આપ્યો અને એણે કલ્મો પઢી લીધો. બાદમાં એ શખ્સે બતાવ્યું કે જ્યારે કલ્મો પઢવા ચાહતો તો એક કાળી વસ્તુ મારી ઝબાન પકડી લેતી અને કહેતી કે હું તારી બેઅદબી છું ! તને કલ્મો પઢવા નહીં દઉં ! બાદમાં એક ચમકદાર નૂર આવ્યું અને બલા ખતમ થઈ અને કહ્યું, હું અલ્લાહના વલીઓની રઝા છું. એ શખ્સે કહ્યું, હવે હું જમીન અને આસમાન દરમ્યાન નૂરાની ઘોડા જોઈ રહ્યો છું જેના સવાર પણ નૂરાની છે અને સૌ અલ્લાહની તસ્બીહ પઢી રહ્યા છે. પછી તે દુનિયાથી કલ્મો પઢતો પઢતો ચાલ્યો ગયો. *(કલાઈદુલ જવાહિર)*

**બોધ** : હે મુસલમાનો ! બેઅદબીથી બચો ! પછીથી પસ્તાવાથી ફાયદો નથી. આ મરનારની કિસ્મત સારી કે અલ્લાહના વલી ખ્વાજા સોવેદ પહોંચી ગયા. દરેક બેઅદબ ગુસ્તાખ માટે કોણ આવશે જે તેની સિફારિશ કરશે ?!



## ★ કા'બા તરફ થૂંકનાર પાછળ નમાઝ ન પઢો ! ★

હદીષે પાકમાં છે : એક શખ્સે નમાઝ પઢાવી અને કિબ્લા તરફ થૂંક્યો. જ્યારે કે અલ્લાહના રસૂલ જોઈ રહ્યા હતા. જ્યારે નમાઝ ખત્મ થઈ તો હુઝૂર ﷺ એ નમાઝીઓને બોલાવ્યા અને ફર્માવ્યું કે ફરી આ ઈમામ પાછળ નમાઝ ન પઢશો. બીજી નમાઝ માટે આગળ વધ્યો તો નમાઝીઓએ એની પાછળ નમાઝ પઢવાથી ઈન્કાર કરી દીધો. પૂછયું, કેમ મારી પાછળ નમાઝ પઢતા નથી ? કહ્યું, હુઝૂર ﷺ એ મના ફર્માવ્યું છે. તેણે દરબારે રસૂલ ﷺ માં હાજર થઈ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! શું તમે મના ફર્માવ્યું છે ?! હુઝૂર ﷺ એ ફર્માવ્યું, હા ! મેં ના પાડી છે ! અને ફર્માવ્યું : قد آذيت الله ورسوله તેં કિબ્લા તરફ થૂંકી અલ્લાહ અને તેના રસૂલને તકલીફ આપી છે.

**બોધ** : જે શખ્સ કિબ્લાનો અદબ ન કરે તેના પાછળ તો નમાઝથી મનાઈ કરવામાં આવી છે અને જે કા'બાના કા'બા હબીબે ખુદા ﷺ ની અદબ ન કરે તેના પાછળ નમાઝનો શું હુકમ છે ?!

આજકાલ દરેક લાંબી જીભવાળો કહી આપે છે કે દરેકની પાછળ નમાઝ થઈ જાય છે, બધા કુર્આન જ પઢે છે ! સવાલ એ છે કે જેના પાછળ નમાઝ પઢવાથી મનાઈ કરવામાં આવી હતી તે કુર્આન પઢતો ન હતો ?! અલ્લાહ તઆલા હિદાયત આપે.

હા ! હા ! તે નમાઝમાં કુર્આન પઢતો હતો પરંતુ એક નાની બેઅદબીના કારણે હુઝૂર ﷺ એ નમાઝ પઢવાથી મનાઈ કરી આપી. આ હદીષ પાક હસન છે. *(સુનને અબૂ દાઊદ, ભાગ-૧,*

પેજ–૧૪૧)

આ હદીષની શરહમાં હઝરત મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, રસૂલુલ્લાહ ﷺ એ ઈમામને નમાઝ પઢવાથી મનાઈ કિબ્લાની બેઅદબીના કારણે કરી હતી. કારણ કે આવો શખ્સ બેઅદબીના કારણે ઈમામના લાયક નથી. *(મિર્કાત, ભાગ–૨, પેજ–૨૨૫)*

*"મિર્અતુલ મનાજીહ"* માં આ જ હદીષની શરહમાં છે :– કા'બાનો બેઅદબ ઈમામના લાયક નથી તો હુઝૂર પુરનૂર ﷺ નો બેઅદબ અને આપની શાનમાં બકવાસ કરનાર ગુસ્તાખી કરનાર (જેમ કે વહાબી, દેવબંદી, અહલે હદીષ, મૌદૂદી...વગેરે) કેવી રીતે ઈમામનો હક્કદાર બની શકે છે ?! એટલે તે લોકોએ બોધ ગ્રહણ કરે જે દરેક ફાસિક બેઅદબની પાછળ નમાઝ પઢે છે. *(મિર્અતુલ મનાજીહ, ભાગ–૧, પેજ–૪૦૯)*

وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ


★ અનમોલ કિતાબો મંગાવો ★

**કિતાબ** : **હિકમતે નમાઝ** *(ઉર્દૂ ભાષા ગુજરાતી લિપિ)*

**લેખક** : હઝરત હાફિઝો કારી મૌલાના શાકિર રઝવી નૂરી *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*

**પ્રકાશક** : **સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા શાખા**

**સરનામુ** : C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ. પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન : ૩૯૨ ૦૨૦, (ગુજરાત) ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨

**હદિયો** : રૂ. ૫/– [પોસ્ટ ખર્ચ રૂ. ૧]




## નબી જલ્વા ફર્મા.....

નબી આજ પૈદા હુવા ચાહતા હૈ
કે કા'બા ઘર ઉસકા હુવા ચાહતા હૈ
ન ક્યૂં આજ કા'બા બને રશ્કે ગુલશન,
વો ગુલ જલ્વા ફર્મા હુવા ચાહતા હૈ
યે રો રો કે આપસમેં બુત કહ રહે હૈં
ખુદા જાને અબ ક્યા હુવા ચાહતા હૈ
નિદા આ રહી હૈ હક્ક કે કમર કા
જહાં મેં ઉજાલા, હુવા ચાહતા હૈ
ખરીદેગા ઈસ્યાં કો રહમતકે બદલે
ખરીદાર પૈદા હુવા ચાહતા હૈ
જો આલમ કો કતરે સે સૈરાબ કર દે
રવાં ઐસા દર્યા હુવા ચાહતા હૈ
ફલક કે સિતારે ઝુકે આ રહે હૈં
કે પૈદા વો મૌલા હુવા ચાહતા હૈ
ખુદા કે ખજાનોં કા મુખ્તારો હાકિમ
શહે દીનો દુન્યા હુવા ચાહતા હૈ
મલાઈક મોઅદ્દબ રહે હુકમે રબ હૈ
કે મહબૂબ પૈદા હુવા ચાહતા હૈ
ઉઠો બેહરે તા'ઝીમ ઐ એહલે મેહફિલ
નબી જલ્વા ફર્મા હુવા ચાહતા હૈ
સલાતો સલામ અર્ઝ કર ઐ **'જમીલ'** અબ
ઈજાબત કા દર વાં હુવા ચાહતા હૈ

فَاخۡلَعۡ نَعۡلَيۡكَ اِنَّكَ بِالۡوَادِ الۡمُقَدَّسِ طُوًى

"હે મારા કલીમ ! તમારા પગરખાં ઉતારી લો ! કેમ કે આ વાદી પવિત્ર છે."

# અદબનું મહત્વ

✪ લેખક ✪

ફકીહે અસર અલ્હાજ મૌલાના મુફતી મુહમ્મદ અમીન સાહબ ફૈસલાબાદી مد ظله العالى

✪ અનુવાદક ✪

મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી (સેગવા)

✪ પ્રકાશક ✪

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

GRWB/059/Bharuch/02

C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦.
ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨.
મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

પ્રકાશન નં. : ૧૨૯ આવૃત્તિ–૧ પ્રત : ૪૦૦૦

૧૨–શા'બાનુલ મોઅઝ્ઝમ હિ.સ. ૧૪૨૬ સપ્ટેમ્બર–૨૦૦૫

**પોસ્ટકાર્ડ લખી મફત મંગાવો !**

# ઈસ્લામિક વેલ્ફેર મિશન

GRWB/057/Bharuch/02

C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ.
પિન : ૩૯૨૦૨૦. ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨.

**પ્યારા દીની ભાઈઓ ! ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા** સુન્નીઓની એક અજોડ સંસ્થા છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના નાલૈન પાકના સદકામાં આ સંસ્થા થકી લગભગ **૨૧૦** મદ્રસા–મસ્જિદોનું પગારમાં સહકાર કરીને સંચાલન કરવામાં આવી રહ્યું છે. તેમની વિઝિટ તથા ઈમ્તેહાન લેવામાં આવે છે. ઘણા ગામોને પગાર ચૂકવીને જે બાતિલ ફિર્કાઓ કબ્જો જમાવી બેઠેલા હતા તેમને ગુમરાહિયતથી બચાવવા આપણા મિશન હેઠળ લેવામાં આવ્યા છે. અહલે સુન્નતનો પરચમ ત્યાં લહેરાવી **મસ્લકે આ'લા હઝરત**ની બોલબાલા કરવામાં આવી છે. તો આપની **લિલ્લાહ, ઝકાત, સદકા, ખૈરાત, ફિત્રા, કુર્બાનીની ખાલો, ન્યાઝની** વગેરે રકમોને ઉપરોકત સરનામે M.O., ચેક, ડ્રાફટથી અવશ્ય પહોંચાડી દુનિયા તથા આખેરતની ભલાઈ મેળવો.

## આ મિશનને કઈ રીતે સહકાર કરી શકો છો ?!

★ આપની શક્તિ અનુસાર કોઈ એક અથવા બે કે એથી અધિક મદ્રસાના માસિક પગારની જવાબદારી લઈને.

★ મસ્જિદ અથવા મદ્રસાના બાંધકામ માટે ગરીબ આબાદીઓમાં જરૂરત હોય ત્યાં મસ્જિદ–મદ્રસા બંધાવી આપીને.

★ મદ્રસાઓ માટે કુર્આન શરીફ, કિતાબો, પાટલીઓ તથા મસ્જિદો માટે સફ, ચટાઈ, મુસલ્લા, ટુવાલ વગેરેની સહાય કરીને.

★ જરૂરત હોય ત્યાં પાણી માટે બોરીંગ કરવાની જવાબદારી લઈને.વગેરે કામોમાં સહકાર આપવા માટે ઉપરોક્ત સરનામે સંપર્ક કરો. *–લિ. **ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા***